**આજનો સુવિચાર**
એવી મૌનથી મહેનત કરો કે સફળતા તમારો અવાજ ઉઠાવે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૪૩ જૂનાગઢ તા.૦૨-૦૨-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 43, Junagadh : Date : 02 February, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

### વિકસીત ભારતનાં સંકલ્પની ઝાંખી સાથે ત્રીજી વખત બજેટ રજુ કરતા નાણામંત્રી કનુભાઈ દેશાઈ

# ગુજરાતમાં ૭ નવી મહાનગરપાલિકાની જાહેરાત
# નમો લક્ષ્મી, નમો સરસ્વતી, નમોશ્રી યોજના શરૂ થશે

### કૃષિ, આરોગ્યને અગ્રતા, પાણી, વિજળી, મહિલા વિકાસ, શહેરી વિકાસ ક્ષેત્રે માતબર રકમની જોગવાઈ તેમજ યુવાનોને આકર્ષતી યોજનાઓની લ્હાણી




ગાંધીનગર તા. ૨

આજે નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા ત્રીજી વખત ગુજરાત વિધાનસભા ગૃહમાં બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આ વર્ષના બજેટમાં ગત વર્ષના બજેટ કરતા ૧૦થી ૨૦ ટકાનો વધારો લઈને આવ્યું છે. બજેટ રજુ કરતા પહેલા કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું બજેટ હશે, ૨૦૪૭નો રોડમેપ નક્કી કર્યો છે. ગૃહમંત્રી હર્ષ સંઘવીએ વિધાનસભા ગૃહમાં પ્રશ્નોતરીકાળ દરમિયાન નાણામંત્રી કનુભાઈ દેસાઈને શેઠ ભામાશા તરીકે સંબોધ્યા હતા.

આ દરમ્યાન વિધાનસભા અધ્યક્ષની કોંગ્રેસના અમિત ચાવડાને ટકોર કરવામાં આવી હતી કે, વિધાનસભા સંકુલનો વિરોધ કરવા ઉપયોગ ન થવો જોઈએ. વિધાનસભા સત્રના બીજા દિવસે બજેટ રજૂ કરતા પહેલા કોંગ્રેસ દ્વારા રાજ્યની વિવિધ પાયાની સમસ્યાઓ દર્શાવતા બેનર પહેરીને વિરોધ દર્શાવ્યો હતો. વિધાનસભા સંકુલના મુખ્ય પ્રવેશદ્વાર પાસે કોંગ્રેસના ધારાસભ્યોએ વિરોધ કર્યો હતો. ત્યારે વિધાનસભા અધ્યક્ષ દ્વારા આ અંગે કોંગ્રેસના અમિત ચાવડાને ટકોર કરી હતી. વિધાનસભા સત્રના બીજા દિવસની શરૂઆતમાં જ પ્રશ્નોત્તરીકાળ શરૂ થાય એ પહેલાં જ વિધાનસભા અધ્યક્ષે ગૃહ વચ્ચે વિપક્ષના અમિત ચાવડાને ટકોર કરી હતી. આ કામગીરી તાત્કાલિક ધોરણે બંધ કરવી જોઈએ. આવા દેખાવ કરનારા પોસ્ટર બનાવો પરંતુ આ દેખાવ વિધાનસભા ભવનમાં નહીં કરો, આવા દેખાવો સંકુલની બહાર કરી શકો છો.

દરમ્યાન કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વિકસિત ભારત ૨૦૪૭નું આહવાન છે ત્યારે ગુજરાત સરકારે રોડ મેપ રજૂ કર્યો છે. ગરીબ, યુવાન, નારીશક્તિ અને અન્નદાતા માટે બજેટમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગુજરાતના ઈતિહાસનું સૌથી મોટું બજેટ આંકવામાં આવી રહયું છે.

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ બજેટમાં જોગવાઈઓ રજુ કર્યા અનુસાર જનરક્ષક નામની યોજના શરૂ કરવામાં આવશે. જેમાં રાજ્ય સરકારે વડાપ્રધાનના નામથી યોજનાઓ શરૂ કરવામાં આવનાર છે. કૃષિ, આરોગ્યને ઘવુ પ્રાધાન્ય અપાયું છે તેમજ પાણી, વિજળી, મહિલા વિકાસ, શહેરી વિકાસ ક્ષેત્રે માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત તેમણે અગત્યની જાહેરાત કરી હતી જેમાં નમો લક્ષ્મી, નમો સરસ્વતી, નમો શ્રી યોજના અંતર્ગત યુવાનોને આકર્ષવાનો પણ પ્રયાસ કરવામાં આવેલ છે. રાજ્ય સરકારે ૭ નવી મહાનગરપાલિકા ની જાહેરાત કરી હતી જેમાં નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા, સુરેન્દ્રનગર અને વઢવાણ ને મહાનગરપાલિકા નો દરજ્જો મળશે, પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ટ્રાન્સપોર્ટની યોજનામાં મહત્વની જોગવાઈ, રાજ્ય સરકારે ટ્રાન્સપોર્ટ યોજનાનો વ્યાપ વધાર્યો, ધોરણ ૯ થી ૧૨ના અંદાજીત ૧ લાખ વિદ્યાર્થીઓ ને ટ્રાન્સપોર્ટ સહાયમાં આવરી લેવાશે, વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટ સેવાઓ માટે હાલની ૧૩૦ કરોડની યોજના બમણી કરી ૨૩૦ કરોડ કરવામાં આવી, પ્રવાસન વિભાગના વિકાસ માટે ૨૦૯૮ કરોડની જોગવાઈ, સોમનાથ બીચ પીંગલેશ્વર બીચ અસારના બીચ વિકાસ માટે ૨૦૦ કરોડ પૈકી ૩૦ કરોડ ફાળવાયા છે, નડાબેટ સીમા દર્શનની જેમ સમુદ્ર સીમા દર્શનના વિકાસ માટે ચૌહાણ નાલા અને કિરક્રીક વિસ્તાર માટે ૧૪૫ કરોડના આયોજન સામે ૪૦ કરોડની જોગવાઈ, અંબાજી વાસદા કોટેશ્વર ખાતે જંગલ સફારી તેમ જ ઈકો ટુરિઝમ માટે ૪૫ કરોડની જોગવાઈ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ માટે કુલ રૂા.૨,૭૧૧ કરોડની જોગવાઈ, ૨૫ વર્ષથી ૬૦ વર્ષ વચ્ચેની વયના માન્યપત્રકારો માટે સામૂહિક જૂથ વીમા યોજના ની નાણાકીય સહાયમાં કુદરતી મૃત્યુમાં એક લાખથી વધારી બે લાખ, અકસ્માત મૃત્યુમાં પાંચ લાખથી સહાય વધારીને ૧૦ લાખ વીમા કવચ પૂરું પાડવામાં આવશે, વન અને પર્યાવરણ વિભાગ માટે ૨૫૮૬ કરોડની જોગવાઈ, વનોના વિકાસ સંરક્ષણ સંવર્ધન અને વર્તન વનીકરણ કામગીરી માટે ૯૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## ગુજરાત બજેટ હાઈલાઈટ્સ

- બજેટમાં નાણાં મંત્રીએ જનરક્ષક નામની યોજના શરૂ કરી
- રાજ્ય સરકારે વડાપ્રધાનના નામથી યોજનાઓ શરૂ કરી, નમો લક્ષ્મી, નમો સરસ્વતી, નમો શ્રી યોજના
- રાજ્ય સરકારે ૭ નવી મહાનગરપાલિકા ની જાહેરાત કરી નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા, સુરેન્દ્રનગર અને વઢવાણ ને મહાનગરપાલિકા નો દરજ્જો
- પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ટ્રાન્સપોર્ટની યોજનામાં મહત્વની જોગવાઈ
- રાજ્ય સરકારે ટ્રાન્સપોર્ટ યોજનાનો વ્યાપ વધાર્યો
- ધોરણ ૯ થી ૧૨ના અંદાજીત ૧ લાખ વિદ્યાર્થીઓ ને ટ્રાનેસ્પોર્ટ સહાયમાં આવરી લેવાશે
- વિદ્યાર્થીઓને ટ્રાન્સપોર્ટ સેવાઓ માટે હાલની ૧૩૦ કરોડની યોજના બમણી કરી ૨૩૦ કરોડ કરવામાં આવી
- પ્રવાસન વિભાગના વિકાસ માટે ૨૦૯૮ કરોડની જોગવાઈ
- સોમનાથ બીચ પીંગલેશ્વર બીચ અસારના બીચ વિકાસ માટે ૨૦૦ કરોડ પૈકી ૩૦ કરોડ ફાળવાયા
- નડાબેટ સીમા દર્શનની જેમ સમુદ્ર સીમા દર્શનના વિકાસ માટે ચૌહાણ નાલા અને કિરક્રીક વિસ્તાર માટે ૧૪૫ કરોડના આયોજન સામે ૪૦ કરોડની જોગવાઈ
- અંબાજી વાસદા કોટેશ્વર ખાતે જંગલ સફારી તેમ જ ઈકો ટુરિઝમ માટે ૪૫ કરોડની જોગવાઈ
- અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ માટે કુલ રૂા.૨,૭૧૧ કરોડની જોગવાઈ
- ૨૫ વર્ષથી ૬૦ વર્ષ વચ્ચેની વયના માન્યપત્રકારો માટે સામૂહિક જૂથ વીમા યોજના ની નાણાકીય સહાયમાં કુદરતી મૃત્યુમાં એક લાખથી વધારી બે લાખ
- અકસ્માત મૃત્યુમાં પાંચ લાખથી સહાય વધારીને ૧૦ લાખ વીમા કવચ પૂરું પાડવામાં આવશે
- વન અને પર્યાવરણ વિભાગ માટે ૨૫૮૬ કરોડની જોગવાઈ
- વનોના વિકાસ સંરક્ષણ સંવર્ધન અને વર્તન વનીકરણ કામગીરી માટે ૯૫૦ કરોડની જોગવાઈ

## શેરબજાર તેજી માર્ગે : સેન્સેકસમાં ૮૦૦ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ તા.૨

કેન્દ્ર સરકારનાં સામાન્ય બજેટનાં દિવસે નબળા રહેલા શેરબજારમાં આજે ફરી જાન આવી હોય તેમ તેજીની રોનક છવાઈ હતી. ચૂંટણી છતાં કોઈ પ્રલોભનો નહી આપીને માત્ર વિકાસ પર જ ફોકસ રાખવાની સરકારે હિંમત કરી હોવાની બાબતને વધાવવામાં આવી હોય તેમ સેન્સેકસમાં ૮૦૦ પોઈન્ટથી અધિકની તેજી થઈ હતી.

શેરબજારમાં આજે શરૂઆત જ ગેપ-અપ હતી. હેવીવેઈટ સહીત મોટાભાગનાં ક્ષેત્રોનાં શેરોમાં ધુમ લેવાલી હતી. ચૂંટણી વર્ષ છતાં સરકારે લોકપ્રિય પગલા લીધા નથી તેના આધારે મોદી સરકારને ફરીથી ચુંટાવાનો ભરોસો હોવાનું ગણિત નિષ્ણાંતો માંડી રહ્યા છે.

ચૂંટણી બાદ સરકાર વિકાસને વેગ આપતા વધુ મહત્વપૂર્ણ કદમ ઉઠાવશે. ભારતની વિકાસની ગાડી પુરપાટ દોડશે. તેવા આશાવાદ હેઠળ માર્કેટમાં તેજીનો ધમધમાટ હતો જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે આર્થિક વિકાસ અને રાજકીય સ્થિરતામાં કોઈ જોખમ ન હોવાનું વચગાળાનાં બજેટ પરથી સુચવાય છે અને તેનાં પ્રભાવ હેઠળ માર્કેટ ફરી તેજીનાં માર્ગે ચડી ગયુ હોવાનું માનવામાં આવી રહ્યુ છે.

શેરબજારમાં આજે મોટાભાગનાં શેરો ધુમ લેવાલીથી ઉંચકાયા હતા. જેએસડબલ્યુ સ્ટીલ, લાર્સન, મહીન્દ્ર, એનટીપીસી, પાવરગ્રીડ, રીલાયન્સ,સ્ટેટ બેક્ર, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટાઈટન, અલ્ટ્રાટ્રેક સીમેન્ટ, એશીયન પેઈન્ટસ, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, અદાણી પોર્ટ, ભારત પેટ્રોલીયમ હીરો મોટો જેવા શેરો ઉંચકાયા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ફરી વખત ૭૨૦૦૦ ની સપાટીને પાર થઈ ગયો હતો અને ૮૧૫ પોઈન્ટના ઉછાળાથી ૭૨૪૬૦ હતો નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૨૪૫ પોઈન્ટના ઉછાળાથી ૨૧૯૪૩ હતો તે ઉંચામાં ૨૧૯૬૩ તથા નીચામાં ૨૧૮૧૨ હતો.

## ઝારખંડમાં ચંપઈ સોરેનની મુખ્યમંત્રી પદે શપથવિધિ

રાંચી તા. ૨

ચંપઈ સોરેને ઝારખંડના સીએમ પદના શપથ લીધા છે. રાજભવનમાં શપથગ્રહણ પહેલા રાષ્ટ્રગીત શરૂ થયું. જે બાદ આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. સૌપ્રથમ, ચંપઈ સોરેનને મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણને ચંપઈ સોરેનને મુખ્યમંત્રી પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. જે બાદ રાજ્યપાલે નવા મુખ્યમંત્રીને અભિનંદન પાઠવ્યા હતા. ચંપઈ સોરેને પ્રથમ વખત ૧૯૯૧માં સરાયકેલાથી પેટાચૂંટણી જીતી હતી.

## મુંબઈમાં ૬ સ્થળોએ બોંબ મુકવામાં આવ્યાનાં ધમકીભર્યા મેસેજને પગલે દોડધામ

મુંબઈ,તા.૨

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં પોલીસને ધમકીભર્યો મેસેજ મળતાં ખળભળાટ મચી ગયો હતો. મુંબઈ પોલીસે જણાવ્યું કે મુંબઈ ટ્રાફિક પોલીસ કંટ્રોલ રૂમને એક અજાણ્યા વ્યકતિ તરફથી ધમકીભર્યો સંદેશ મળ્યો છે. ધમકીભર્યા સંદેશમાં જણાવવામાં આવ્યું છે કે સમગ્ર મુંબઈમાં છ સ્થળોએ બોમ્બ મૂકવામાં આવ્યા છે. મેસેજ બાદ મુંબઈ પોલીસ અને અન્ય એજન્સીઓ એલર્ટ છે. મેસેજ મોકલનારને શોધવાના પ્રયાસો ચાલુ છે.

મુંબઈ ટ્રાફિક પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ હેલ્પલાઈન નંબરના વોટ્સએપ નંબર પર આ મેસેજ આવ્યો હતો. આ પછી ટ્રાફિક પોલીસે શહેર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ એટીએસને પણ જાણ કરી હતી. આ મામલે અજાણ્યા વ્યકતિ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. કેટલીક શંકાસ્પદ જગ્યાઓ પર પણ તલાશી લેવામાં આવી છે પરંતુ હાલમાં કશું મળ્યું નથી. શહેર પોલીસની સાથે ક્રાઈમ બ્રાન્ચ પણ આ મામલે તપાસ કરી રહી છે.

હેવન ઈન્ટીરીયર ફર્નિચર
www.heavenfurniture.co.in
300+ Site complete
All over Gujarat
heaven FURNITURE
હેવન ફર્નિચર
M. 97263 15003
INTERIOR
COLOR WORK
POP WORK
SOFA WORK
મેરીઓટ પ્લાઝા, ચોથા માળે, ગાયત્રી સ્કૂલ સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક
૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં
સી.સી. પડદાવાળા
18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

દેશી ઘાણીનું શુધ્ધ સીંગતેલ ૧૦૦% ગેરેંટીવાળુ
ઘનશ્યામ મીની ઓઈલ મીલ
જૂનાગઢ જીલ્લો, ગામ : પ્લાસવા
મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬

સ્પે. રજબનો રોટ વ્યાજબી ભાવે મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ
Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912
શુધ્ધતા નો સ્વાદ એટલે...
GIR KESARI
Premium Quality
દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ
KHODIYAR
MINI OIL MIL
જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે
હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital
e_mail : aum.ayurved.hospital@gmail.com

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# દ્વારકા તાલુકાનાં કરૂંગા ગામ પાસેથી રૂા. ૫૩ લાખનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડતી એલસીબી

## ઈંગ્લીશ દારૂની બોટલ નંગ ૧૩૨૭૨ કિંમત રૂા. ૫૩,૦૮,૮૦૦, ટ્રક રૂા. ૩૫,૦૦,૦૦૦ તથા પશુ આહારના બાચકા નંગ-૧૦૦ મળી કુલ રૂા. ૮૮,૨૯,૪૪૦નો મુદામાલ કબ્જે





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨

રાજકોટ વિભાગનાં પોલીસ મહાનિર્દેશક અશોકકુમાર યાદવ તથા દેવભૂમિ દ્વારકા જીલ્લાનાં ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક હાર્દિક પ્રજાપતિએ ઈંગ્લીશ દારૂનું દુષણ ડામવા માટે અસરકારક કામગીરી કરવા સુચના કરતા એલસીબીના પીઆઈ કે.કે. ગોહીલની રાહબરી હેઠળ પીએસઆઈ એ.એલ. બારસીયા, બી.એમ. દેવમુરારી તથા એસ.એસ. ચૌહાણ દ્વારા એલસીબી સ્ટાફના માણસોની ટીમો બનાવી દ્વારકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

દરમ્યાન પોલીસને એવી હકીકત મળેલ કે દ્વારકા તાલુકાનાં કરૂંગા ગામ પાસે આવેલ આરએસપીએલ કંપનીની સામે આવેલ ગાત્રાળ હોટલના કમ્પાઉન્ડમાં એક ટ્રક નં. જીજે-૩૭-ટી ૫૩૭૬નો પાર્ક કરેલ પેલ છે. અને તેમાં બાચકાઓની આડમાં ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો ભરેલ છે. જે હકીકતનાં આધારે ગાત્રાળ હોટલે જઈ ખાત્રી કરતા હકીકતવાળા ટ્રકમાં રહેલ ઈંગ્લીશ દારૂનો જથ્થો પકડી પાડી આરોપીઓ વિરૂધ્ધ એલસીબીના એએસઆઈ અરજણભાઈ મારૂએ ફરીયાદ નોંધાવતા આગળની કાર્યવાહી પીએસઆઈ એસ.એસ. ચૌહાણે દ્વારકા પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરી આગળની તપાસ પીએસઆઈ એ.એલ. બારસીયા ચલાવી રહેલ છે.

આ બનાવમાં ટ્રક ચાલક તથા જથ્થો મોકલનાર કૈલાશકુમાર મોહનલાલ બિશ્નોઈ (ઉ.વ. ૨૫) (રહે. વિશ્નોઈની ઢાણી, વિશ્નોઈનો તલા, ગંગાતલા ગામ રામસર જી. બાડમેર રાજસ્થાન) અને ગોપાલ રહે. સાંચોર રાજસ્થાનનાં કબ્જામાંથી અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની બોટલ નંગ ૧૩૨૭૨ કિંમત રૂા. ૫૩,૦૮,૮૦૦, ટ્રક રૂા. ૩૫,૦૦,૦૦૦ તથા પશુ આહારના બાચકા નંગ-૧૦૦ તેમજ અન્ય મુદામાલ મળી કુલ રૂા. ૮૮,૨૯,૪૪૦નો મુદામાલ પોલીસે કબ્જે કરેલ છે.

આ કામગીરીમાં એલસીબી દેવભૂમિ દ્વારકાનાં પીઆઈ કે.કે. ગોહીલની રાહબારી હેઠળ પીએસઆઈ એ.એલ. બારસીયા, પીએસઆઈ બી.એમ. દેવમુરારી, પીએસઆઈ એસ.એસ. ચૌહાણ, એએસઆઈ સજુભા જાડેજા, અરજણભાઈ મારૂ, અજીતભાઈ બારોટ, વિપુલભાઈ ડાંગર, જેસલસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, ડાડુભાઈ જોગલ, ગોવિંદભાઈ કરમુર, કિરપાલસિંહ ચૌહાણ, ધર્મેન્દ્રસિંહ ચુડાસમા, હસમુખભાઈ કટારા, વિશ્વદિપસિંહ જાડેજા વગેરે જોડાયેલ હતાં.

# જૂનાગઢ તોડકાંડના આરોપી તરલ ભટ્ટની ધરપકડ સસ્પેન્ડેડ PIને અમદાવાદથી ATSએ ઝડપ્યો



અમદાવાદ તા. ૨

જૂનાગઢ તોડકાંડમાં આરોપી તરલ ભટ્ટની ગુજરાત ATSએ ધરપકડ કરી છે. જૂનાગઢમાં સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા તરલ ભટ્ટે અરજદારના એકાઉન્ટ ફ્રીજ બાબતે બોલાવીને બીજા પોલીસ કર્મચારીઓ સાથે મળીને તોડ કર્યો હોવાની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે જે એજન્સીનું કામ આતંકવાદીઓને ઝડપવાનું છે તે એજન્સી જૂનાગઢ પોલીસ તોડકાંડના કેસની તપાસ કરી રહી છે.

આ સમગ્ર મામલે વિવાદ થયા બાદ તપાસ ગુજરાત ATSને સોંપવામાં આવી હતી. ગુજરાત ATSનો દાવો છે કે અમદાવાદથી તરલ ભટ્ટની ધરપકડ કરવામાં આવી છે. બીજી તરફ તરલ ભટ્ટના કેટલાક ખાસ માણસો એક દિવસ પહેલા ATSમાં ગયા હોવાની પણ વિગતો સૂત્રો પાસેથી મળી રહી છે. કોલ સેન્ટરના માફિયા અને માધુપુરા સટ્ટાકાંડના ડેટા તેમની પાસે હતા તેઓએ ATSની મુલાકાત લીધી હોવાની માહિતી છે. તો બીજી તરફ તરલ ભટ્ટ હાજર થયા હોય તેવી પણ ચર્ચા છે. ત્યારે આગળની તપાસ ATS કઈ દિશામાં કરે છે તેના પર સૌની નજર છે.

જૂનાગઢમાં એક વ્યક્તિનું એકાઉન્ટ ફ્રીઝ થયા બાદ તેની સાથે થયેલા તોડની વિગતોમાં અનેક રાજ રોજેરોજ ખુલી રહ્યા છે. બીજી તરફ આ કેસમાં તરલ ભટ્ટને આરોપી બનાવવામાં આવ્યો છે જેને સાઈબર એક્સપર્ટ અને કોલ સેન્ટર કિંગ પણ કહેવાય છે. ત્યારે મોટાભાગનો ડેટા તેમણે કઈ રીતે મેળવ્યો તે અંગે તેમના નજીકના લોકો પણ જોડાયેલા હોય તેવી પૂરી શક્યતા છે. અને હાલ તપાસ ચાલી રહી છે.

# ખંભાળિયાની બાલમુકુન્દરાયજી હવેલીનું જૂનાગઢ ખાતે પ્રસ્થાન : ૧૧૧ વર્ષ અનેક વૈષ્ણવોની આસ્થાની કેન્દ્ર





(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા. ૨

ખંભાળિયામાં જુની લોહાણા મહાજન વાડી નજીક આવેલી બાલમુકુન્દરાયજીની હવેલી ખાતે છેલ્લા ઘણા દાયકાઓથી અનેક વૈષ્ણવોની આસ્થા, શ્રદ્ધા જોડાયેલી છે. ત્યારે હવે શ્રી બાલમુકુંદરાયજીની હવેલીમાં બિરાજમાન શ્રીજીનું હવે જૂનાગઢ હવેલી ખાતે પ્રસ્થાન કરાયું છે. છેલ્લા આશરે ૧૧૧ વર્ષથી આ હવેલીમાં ખાસ કરીને વૈષ્ણવ બહેનો દ્વારા નિયમિત દર્શન, સેવા ઉપરાંત વિવિધ તહેવારોની ઉજવણી કરવામાં આવતી હતી. આ હવેલી માટે પાયાના પથ્થર એવા સ્વ. શ્રી કાંતિલાલ લાધારામ ભટ્ટ તથા સ્વ. સુશીલાબેન કાંતિલાલ ભટ્ટ પરિવાર દ્વારા સુવ્યવસ્થિત રીતે સેવા-પૂજા થતી હતી.

હાલ મુકુન્દરાયજીની હવેલી હવે જૂનાગઢ ખાતે શ્રી વિઠ્ઠલેશ ભવન હવેલી ખાતે બિરાજમાન થશે. આ માટે ધામધૂમપૂર્વક ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# ઈન્ડિયન આર્મી રોજ લે છે રામ અને બજરંગ બલીનું નામ

## અંગ્રેજો પણ માનતા હતા કે ધાર્મિક યુદ્ધની બૂમો સૈનિકોમાં વધુ ઉત્સાહ જગાવે છે અને તેમને એક કરે છે

નવી દિલ્હી, તા.૨

ભારતીય સેનાની ગણતરી વિશ્વની પાંચ સૌથી શક્તિશાળી સેનાઓમાં થાય છે. ભારતીય સેનામાં ઘણી એવી રેજિમેન્ટ છે જે તેને અજેય બનાવે છે. દરેક રેજિમેન્ટનું પોતાનું એક વોર ક્રાઈ એટલે કે યુદ્ધઘોષ છે. યુદ્ધઘોષનો અર્થ છે કે યુદ્ધ દરમ્યાન સૈનિકને પ્રેરણા આપનારા જે જોશીલા શબ્દ છે તેને દુશ્મન પર ભારે પડવા માટે પ્રેરિત કરે. તમને જાણીને નવાઈ લાગશે કે ઘણાં રેજિમેન્ટ સૈનિકોમાં જોશ ભરવા માટે જય શ્રીરામ, બજરંગ બલી કી જય અને દુર્ગા માતા કી જયના નારા લગાવે છે.

આ રેજિમેન્ટ જય શ્રીરામનું યુદ્ધઘોષ અંગ્રેજોના સમયથી લગાવવામાં આવે છે. અંગ્રેજોને તેનાથી કોઈ વાંધો નહતો. અંગ્રેજોને પણ લાગતું હતું કે ધાર્મિક યુદ્ધઘોષ સૈનિકોમાં વધારે જોશ ભરે છે અને તેમને એકજૂટ કરે છે. ભારતીય સેના (આર્મી), એરફોર્સ અને નૌકાદળનો યુદ્ધ પોકાર એક જ છે, 'ભારત માતા કી જય. પરંતુ દરેક રેજિમેન્ટે પોતપોતાના વોર ક્રાઈ અપનાવ્યો છે. આજે અમે તમને ભગવાન રામ, બજરંગ બલી અને મા દુર્ગાના નામ પર ભારતીય સેનાની કેટલીક રેજિમેન્ટના યુદ્ધઘોષ એટલે વોર ક્રાઈથી વાકેફ કરવા જઈ રહ્યા છીએ. આ જાણ્યા પછી, તમને પણ તમારી સેના પર ગર્વ થશે કે તે કેવી રીતે યુદ્ધના મેદાનમાં પણ તેના પ્રિય દેવતાઓને ભૂલી નથી શકતાં. રાજપૂતાના રાઈફલ્સ એ સેનાની સૌથી જૂની રાઈફલ રેજિમેન્ટ છે. તેની રચના વર્ષ ૧૯૨૧માં થઈ હતી. તે સમયે તે બ્રિટિશ ઈન્ડિયન આર્મી હેઠળ આવતું હતું. આઝાદી બાદથી આ રેજિમેન્ટ સતત પાકિસ્તાનને છઠ્ઠીના દૂધની યાદ અપાવી રહી છે. તેઓએ તેનું યુદ્ધઘોષ રાખ્યું છે, 'રાજા રામચંદ્ર કી જય.' વીર ભોગ્ય વસુંધરા હૈ આ રેજિમેન્ટનું સૂત્ર છે. ટેરિટોરિયલ આર્મી એ ભારતીય સેનાની સહાયક લશ્કરી સંગઠન છે. તેનું કામ ભારતીય સેનાને સપોર્ટ અને સેવાઓ આપવાનું છે. ૯ ઓક્ટોબર ૧૯૪૯ના રોજ આઝાદી પછી તેની રચના કરવામાં આવી હતી. તેણે તેનું યુદ્ધઘોષ 'જય શ્રી રામ' બનાવ્યું છે. તેનું આદર્શ વાક્ય છે 'સાવધાવી સે શૂરતા'. કેટલીક રેજિમેન્ટે તેમના યુદ્ધઘોષનું નામ બજરંગ બલીના નામ પર રાખ્યું છે. તેમાંથી એક કુમાઉ રેજિમેન્ટ છે. તેની રચના ૧૯૨૨ માં થઈ હતી. કુમાઉ રેજિમેન્ટનું યુદ્ધ પોકાર છે 'કાલિકા માતા કી જય, બજરંગ બલી કી જય, દાદા કિશન કી જય'. તેનું સૂત્ર છે 'પરાક્રમો વિજયતે', જે સંસ્કૃતમાં છે. બિહાર રેજિમેન્ટ સેનાની સૌથી જૂની ઈંફેંટ્રી રેજિમેન્ટ છે. તેની રચના ૧૯૪૧માં થઈ હતી. તેનું મુખ્ય મથક બિહારના દાનાપુરમાં છે.

આ રેજિમેન્ટે જૂન ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં ચીની સેના (પીપુલ્સ લિબ્રેશન આર્મી)ને કારમી હાર આપી હતી. બિહાર રેજિમેન્ટનો યુદ્ધઘોષ છે જય બજરંગ બલી. તેમનું આદર્શ વાક્ય છે 'કર્મ હી ધર્મ. જમ્મુ અને કાશ્મીર રાઈફલ્સ એ ભારતીય સેનાની લશ્કરી ટુકડી છે. તેની રચના ૧૮૨૧માં થઈ હતી. જમ્મુ અને કાશ્મીર રાઈફલ્સનો યુદ્ધ પોકાર છે 'દુર્ગા માતા કી જય'. તેનું સૂત્ર છે 'પ્રસ્થ રનવિત્ર', જે સંસ્કૃતમાં છે. ગઢવાલ રાઈફલ્સની સ્થાપના વર્ષ ૧૮૮૭માં બંગાળ આર્મી હેઠળ કરવામાં આવી હતી. આ બંગાળ આર્મીની ૩૯મી રેજિમેન્ટ હતી. બાદમાં તે બ્રિટિશ આર્મીનો ભાગ બન્યો. આઝાદી પછી, તે ભારતીય સેનાની એક રેજિમેન્ટ બની. તેનો યુદ્ધઘોષ છે 'બદરી વિશાલ કી જય'. તેનું સૂત્ર યુધ્ય કૃત નિશ્ચયા છે. તે સંસ્કૃતમાં છે. જાટ રેજિમેન્ટ એક ઈંફેંટ્રી રેજિમેન્ટ છે. આ રેજિમેન્ટે ૧૮૩૯ અને ૧૯૪૭ની વચ્ચે ૧૯ યુદ્ધ સન્માન જીત્યા. આઝાદી પછી, તેને પાંચ યુદ્ધ સન્માન આપવામાં આવ્યું હતું. રેજિમેન્ટને આઠ મહાવીર ચક્ર, આઠ કીર્તિ ચક્ર, ૩૯ વીર ચક્ર અને ૧૭૦ સેના મેડલ મળ્યા છે. તેનો યુદ્ધ પોકાર છે જાટ બલવાન, જય ભગવાન. તેનું સૂત્ર છે સંગઠન વા વીરતા. ડોગરા રેજિમેન્ટની રચના વર્ષ ૧૯૨૨માં થઈ હતી. પછી તેનું નામ ૧૭ ડોગરા રેજિમેન્ટ રાખવામાં આવ્યું. ડોગરા રેજિમેન્ટના નિર્મલ ચંદર વિજને ૧ જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ આર્મી ચીફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેઓ ૨૦૦૫ સુધી આ પદ પર રહ્યા હતા. આ રેજિમેન્ટનું યુદ્ધઘોષ છે 'જ્વાલા માતા કી જય'. તેનું સૂત્ર છે દત્તયમ અનાવત્મા. તે સંસ્કૃતમાં છે. આ ઉપરાંત પંજાબ રેજિમેન્ટ, શીખ રેજિમેન્ટ અને શીખ લાઈટ ઈન્ફન્ટ્રીનું યુદ્ધઘોષ 'જો બોલે સો નિહાલ, સત શ્રી અકાલ' છે. આ સાથે પંજાબ રેજિમેન્ટ બોલ જ્વાલા માતા કી જયના નારા પણ લગાવે છે.

# રામલલાની દરરોજ ૨ વખત ખાલી કરવી પડે છે દાનપેટી

## નિષ્ણાતોએ દાવો કર્યો છે કે દરેક સિઝનમાં લગભગ ૫ લાખ ચોરસ ફૂટમાં બિજોલિયા પથ્થરો પર શ્રદ્ધાળુઓ આરામથી ચાલી શકશે



નવી દિલ્હી, તા.૨

રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને હવે ૧૧ દિવસ થઈ ગયા છે. અભિષેક સમારોહથી અત્યાર સુધીમાં લગભગ ૨૫ લાખ ભક્તોએ રામજન્મભૂમિની મુલાકાત લીધી છે. રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રે જણાવ્યું કે છેલ્લા ૧૦ દિવસમાં લગભગ ૮ કરોડ રૂપિયા દાન પેટીઓમાં જમા થયા છે અને લગભગ ૩.૫૦ કરોડ રૂપિયા ઓનલાઈન પ્રાપ્ત થયા છે. આમાં પ્રસાદ અને દાનના પૈસા પણ સામેલ છે. ટ્રસ્ટના કાર્યાલયના પ્રભારી પ્રકાશ ગુપ્તાએ જણાવ્યું હતું કે ભગવાન જ્યાં નિવાસ કરે છે તે ગર્ભગૃહની સામે દર્શન માર્ગ પાસે ચાર મોટા કદની દાનપેટીઓ રાખવામાં આવી છે, જેમાં ભક્તો દાન કરી રહ્યા છે.

આ ઉપરાંત ૧૦ કોમ્પ્યુટરાઈઝડ કાઉન્ટર પર પણ લોકો દાન આપી રહ્યા છે. રામલલાના દર્શન માટે ભક્તો માટે માર્ગ પર બિજોલિયા પથ્થરો સ્થાપિત કરવામાં આવ્યા છે. નિષ્ણાતોએ દાવો કર્યો છે કે દરેક સિઝનમાં લગભગ ૫ લાખ ચોરસ ફૂટમાં બિજોલિયા પથ્થરો પર શ્રદ્ધાળુઓ આરામથી ચાલી શકશે. આ વિસ્તાર પરિક્રમા ક્ષેત્ર અને કુબેર ટીલાને આવરી લેશે. સ્ટોન એક્સપર્ટ દીક્ષા જૈને જણાવ્યું કે, 'રાજસ્થાનનો આ બિજોલિયા પથ્થર તેની ગુણવત્તામાં ખૂબ જ ખાસ છે, કારણ કે તે ન તો ઉનાળામાં ખૂબ ગરમ થાય છે અને ન તો શિયાળામાં ખૂબ ઠંડો. આ પથ્થર લગભગ ૧,૦૦૦ વર્ષ સુધી બગડતો નથી, જ્યારે તેની પાણીને શોષવાની ક્ષમતા અન્ય પથ્થરો કરતાં વધુ છે. મંદિર ટ્રસ્ટના કર્મચારીઓની નિમણૂક તમામ ડોનેશન કાઉન્ટરો પર કરવામાં આવે છે, જેઓ સાંજે કાઉન્ટર બંધ થયા બાદ ટ્રસ્ટ ઓફિસમાં મળેલી દાનની રકમનો હિસાબ જમા કરાવે છે. ૧૧ બેંક કર્મચારીઓ અને ત્રણ મંદિર ટ્રસ્ટના કર્મચારીઓ સહિત ૧૪ કર્મચારીઓની ટીમ ચાર દાન પેટીઓમાં પ્રસાદની ગણતરી કરી રહી છે. ગુપ્તાએ કહ્યું હતું કે દાન એકત્ર કરવાથી માંડીને તેની ગણતરી સુધીની દરેક બાબતો સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ કરવામાં આવી રહી છે. ટ્રસ્ટના પ્રભારી ગુપ્તાએ જણાવ્યું કે, રામલલાના દર્શન કરવા દરરોજ ૨ લાખથી વધુ ભક્તો રામ મંદિર પહોંચી રહ્યા છે. તેમણે કહ્યું કે છેલ્લા ૧૧ દિવસમાં ૨૫ લાખથી વધુ ભક્તો રામ મંદિરમાં ભગવાનના દર્શન કરવા આવી રહ્યા છે.

### અમેરિકાએ વિઝા ફી વધારવાને લઈને મોટો નિર્ણય લીધો છે

# અમેરિકા જવું હવે મોંઘુ થશે, યુએસ સરકારે VISA ફીમાં કર્યો વધારો

## EB-5 પ્રોગ્રામ યુએસ સરકાર દ્વારા ૧૯૯૦ માં શરૂ કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત ઉચ્ચ સંપત્તિ ધરાવતા વિદેશી રોકાણકારોને યુએસ વિઝા આપવામાં આવે છે

નવી દિલ્હી, તા.૨

અમેરિકાએ વિઝા ફી વધારવાને લઈને મોટો નિર્ણય લીધો છે. યુએસ સરકારે H-1B, L-1 અને EB-5 જેવા નોન-ઈમિગ્રન્ટ વિઝા માટેની ફીમાં વધારો કર્યો છે. આ તમામ કેટેગરીમાં સૌથી વધુ વિઝા ભારતીયોને આપવામાં આવે છે. વિઝા પર વધેલી ફી ૧ એપ્રિલ, ૨૦૨૪થી લાગુ થશે. H-1B વિઝા માટેની અરજી ફી $460 થી વધારીને $780 કરવામાં આવી છે. તે જ સમયે, H-1B વિઝા માટે નોંધણી આગામી વર્ષે દસ ડોલરથી વધીને $215 થશે. L-1 વિઝા ફી $460 થી વધીને $1,385 થઈ છે. EB-5 વિઝા ફી $3,675 થી વધીને $11,160 થઈ છે. આ કાર્યક્રમ યુએસ સરકારે ૧૯૯૦માં શરૂ કર્યો હતો. આ અંતર્ગત એવા વિદેશી રોકાણકારોને અમેરિકામાં કાયમી નિવાસ આપવામાં આવે છે જેઓ ત્યાં ઓછામાં ઓછા પાંચ લાખ ડોલરનું રોકાણ કરે છે અને ઓછામાં ઓછા ૧૦ અમેરિકન લોકોને રોજગાર આપવામાં મદદ કરે છે. પરંતુ આ રોકાણ યુએસ સરકારની અધિકૃત એજન્સીઓ દ્વારા થવું જોઈએ. H-1B વિઝા એ નોન-ઈમિગ્રન્ટ વિઝા છે. H1B વિઝા સામાન્ય રીતે એવા લોકોને આપવામાં આવે છે જેઓ કામ કરવા માટે અમેરિકા જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ વિઝા અમેરિકન કંપનીઓમાં કામ કરતા આવા કુશળ કર્મચારીઓને રાખવા માટે આપવામાં આવે છે જેમની અમેરિકામાં અછત છે. આ પછી તેને ગ્રીન કાર્ડ આપવામાં આવે છે. આ વિઝાની માન્યતા છ વર્ષની છે. અમેરિકન કંપનીઓની માંગને કારણે ભારતીય આઈટી પ્રોફેશનલ્સને આ વિઝા સૌથી વધુ મળે છે. જે લોકોના H-1B વિઝાની સમયસીમા સમાપ્ત થઈ રહી છે તેઓ અમેરિકન નાગરિકતા માટે અરજી કરી શકે છે. H-1B વિઝા ધરાવનાર વ્યક્તિ તેના બાળકો અને પત્ની સાથે અમેરિકામાં રહી શકે છે. EB-5 પ્રોગ્રામ યુએસ સરકાર દ્વારા ૧૯૯૦ માં શરૂ કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત ઉચ્ચ સંપત્તિ ધરાવતા વિદેશી રોકાણકારોને યુએસ વિઝા આપવામાં આવે છે.

આ અંતર્ગત તેઓ અમેરિકન બિઝનેસમાં ઓછામાં ઓછા પાંચ લાખ ડોલરનું રોકાણ કરી શકે છે.

# IT ઈન્ડસ્ટ્રીઝમાં થશે નોકરીઓમાં ઘટાડો

નવી દિલ્હી, તા.૨

જો તમે આઈટી ઈન્ડસ્ટ્રીમાં કામ કરી રહ્યા છો, આ વર્ષે કોર્સ પૂરો કરી રહ્યા છો અથવા તમારું ભવિષ્ય અહીં બનાવવાનું વિચારી રહ્યા છો તો આ સમાચાર તમારા માટે ઉપયોગી છે. આ વર્ષે આઈટી ઈન્ડસ્ટ્રીમાં નોકરીઓમાં ઘટાડો થઈ શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના વૈશ્વિક નુકસાનને કારણે આવું થઈ શકે છે. આ ક્ષેત્રની દિગ્ગજ ગણાતી ચાર મોટી કંપનીઓ નવી ભરતી નહી કરવાનું વિચારી રહી છે. આ સંદર્ભમાં મિન્ટના અહેવાલ અનુસાર, દેશની ટોચની IT રિક્રુટર કંપનીઓ નવી ભરતી કરવાનું ટાળી રહી છે. Tata Consultancy Services Limited, Infosys Limited, HCL Technologies Limited અને Wiproમાં કુલ કર્મચારીઓની સંખ્યામાં ૪૯,૯૩૬ નો ઘટાડો થયો છે. આ ડેટા ત્રિમાસિક અને વાર્ષિક નાણાકીય અહેવાલોમાંથી એકત્રિત કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે IT ઉદ્યોગની ચાર મોટી કંપનીઓમાં છેલ્લા પાંચ વર્ષમાં અત્યાર સુધીનો આ સૌથી મોટો કાપ છે. આ પહેલા અહીં કર્મચારીઓની સંખ્યા એટલી ઘટી નથી જેટલી ગત નાણાકીય વર્ષમાં ઘટી હતી.

આ સારો સંકેત નથી. તેનું કારણ વૈશ્વિક આર્થિક સંકટ છે જેના કારણે ભારતના આઈટી ઉદ્યોગને લગભગ ૨૪૫ અબજ ડોલરનું નુકસાન થયું છે. નોંધનીય છે કે નાણાકીય વર્ષ ૨૦૨૨માં આ ચાર મોટી કંપનીઓમાં ઘણી ભરતી થઈ હતી કારણ કે તે સમયે બધુ ટેકનોલોજી આધારિત થવા લાગ્યું હતું.

# રક્તપિત દિવસ ઉજવણી અંતર્ગત રક્તપિતનાં રોગ અંગે જાગૃતિ કાર્યક્રમો યોજાયા

જૂનાગઢ, તા.૨

જિલ્લા ક્ષય અધિકારીની કચેરી દ્વારા જૂનાગઢ જિલ્લામાં લેપ્રસિ ડે એટલે કે રક્તપિત રોગ વીશેની જાગૃતિ લક્ષી કાર્યક્રમો યોજાયા હતા. અને રક્તપિત રોગ અંગે સમાજનાં લોકોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. રક્તપિત એ જંતુજન્ય રોગ છે, અને સંપુર્ણપણે મટી શકે તેવો રોગ છે. રક્તપિત એ પુર્વજન્મનાં કોઈ પાપ કે શ્રાપનું ફળ નથી. રક્તપિત વારસાગત નથી, કોઈપણ બાળક રક્તપિત રોગ સાથે જન્મતુ નથી. રક્તપિત કોઈપણ વ્યક્તિને થઈ શકે છે.રક્તપિતની ઓળખ માટે ચામડીનાં રંગ અને કુમાશમાં ફેરફાર સ્પર્શજ્ઞાનનો અભાવ ચામડી પર ચાઠુ રક્તપિત હોઈ શકે છે. વહેલુ નિદાન નિયમિત અનેપુરતી બહુ ઔષધિય સારવારથી વિકૃતિ અટકાવી શકાય છે. રક્તપિતથી ગભરાવાની જરુર નથી. તેનું સમયસર નિદાન અને સારવાર તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને જનરલ હોસ્પીટલમાં વિનામુલ્યે મળી રહે છે. રક્તપિત ગ્રસ્તોને સન્માનપૂર્વક જીવવા પ્રોત્સાહિત કરો, સમાજને ઉપયોગી બનવા તેમનો સ્વિકાર કરો અને તેમને મદદ કરો, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તથા જિલ્લા ક્ષય રોગ અધિકારી દ્વારા રક્તપિત અંગે લોકજાગૃતિ કેળવાય તે હેતુ ગામડાઓમાં ભવાઈનાં કાર્યક્રમો, શાળા કોલેજમાં બાળકો દ્વારા જાગૃતિ રેલી, વિલેજ હેલ્થ એન્ડ સેનિટેશન કમિટી સાથે મીટીંગ, સોશ્યલ મીડિયાનાં માધ્યમથી પ્રચાર-પ્રસાર, લેપ્રસિનાં દર્દી માટે આધારકાર્ડ ઝુંબેશ, પત્રિકા વિતરણ સહિતનાં કાર્યક્રમો યોજાયા હતા.

# ગ્રામિણ સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા સીવણકામ અને બ્યુટિ પાર્લરની ૩૦ દિવસીય તાલીમનો પ્રારંભ




જૂનાગઢ, તા.૨

એસબીઆઈ આરસેટી બિલખા રોડ જૂનાગઢ ખાતે ૩૦ દિવસીય સીવણકામ અને બ્યુટિ પાર્લર તાલીમ કાર્યક્રમોનો પ્રારંભ થયો છે. જેમાં ૭૦ જેટલા તાલીમાર્થી બહેનોને સીવણકામ અને બ્યુટિ પાર્લરની તાલીમ આપી સ્વરોજગારી ક્ષેત્રે પગભર બનાવાશે.

જુનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લાની સિવણકામ અને બ્યુટિ પાર્લરની ૩૦ દિવસીય તાલીમનાં ઉદઘાટન કાર્યક્રમને એસજીબીના રિજીયોનલ મેનેજર કે.સી.મોરે, ડીઆરડીએ ડીએલએમ કિરણ વ્યાસ, નાબાર્ડ ડીડીએમ કિરણ રાઉત, જિલ્લા રોજગાર વિનિમય કચેરીના અધિકારી સહિત મહાનુભાવો દિપ પ્રગટ્ય દ્વારા ખુલ્લો મુકાયો હતો. આ પ્રસંગે પ્રાસંગીક વકત્વ્યમાં મહાનુભાવોએ તાલીમાર્થી બહેનોને ગ્રામિણ સ્વરોજગાર તાલીમ સંસ્થામાંથી તાલીમ લઈ પગભર થાય એ અંગે લોનની માહિતી આપી હતી. તાલીમાર્થી બહેનો તાલીમ પ્રાપ્ત કરી જીવનમાં પ્રગતી કરી શકે એવી શુભકામના પણ આપી હતી. આરસેટી ડાઈરેક્ટર/એલડીએમ પ્રશાંત ગોહેલ દ્વાર તાલીમ કાર્યક્રમની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને સંસ્થાના ફેકલ્ટી અજીત પરમાર દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ડીએસટી ટ્રેઈનર, આરસેટી સ્ટાફ, ૭૦ જેટલા તાલીમાર્થી બહેનોએ હાજરી આપી હતી.

### દ્વારકા જીલ્લામાં સ્વચ્છતા અભિયાનનું ડિંડક

# દ્વારકા તાલુકા શાળા પાસે બેફામ ગંદકીને લીધે વિદ્યાર્થીઓના આરોગ્ય ઉપર તોળાતું ગંભીર જોખમ




## શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા રેલી યોજી નગરપાલિકાની કચેરીએ કરી રજૂઆત

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨


રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાનના બણગાઓ ફૂંકવામાં આવી રહયા છે અને શાળાઓ, ધર્મસ્થાનો તેમજ જાહેર સ્થળો પર સાફસફાઈ કરાતી હોવાના નાટક કરવામાં આવી રહયા છે. નેતાઓ અને અધિકારીઓ હાથમાં સાવરણા લઈ સફાઈ કરતા હોય તેવી તસ્વીરો અખબારોમાં પ્રસિધ્ધ કરવામાં આવતી હોય છે પરંતુ આ સ્વચ્છતા અભિયાનમાં કેટલે અંશે સફળતા મળી હશે ? તે પણ એક પ્રશ્ન છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ દ્વારકા તાલુકા શાળા નંબર ૩માં અનેક વિદ્યાર્થીઓ પોતાનું ભવિષ્ય બનાવવા ભણવા આવે છે. ત્યારે આ શાળાની આસપાસ એટલી બધી ગંદકી ફેલાઈ ગઈ છે ત્યારે સ્વચ્છતાનું બ્યુગલ ફૂંકનાર દ્વારકા પાલિકાના તંત્રને આ ગંદકી અંગે લેશમાત્ર પરવાહ નથી. શાળાની આસપાસ એટલી ગંદકી ફેલાયેલી છે કે ત્યાંથી પસાર તથા વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ અન્ય લોકોએ નાક પાસ હાથ દઈને નીકળવું પડે છે. બીજીબાજુ આ ગંદકીને લીધે શાળામાં ભણતા વિદ્યાર્થીઓના આરોગ્ય ઉપર જોખમ ઝળુંબી રહયું છે. ત્યારે ગઈકાલે શાળાના બાળકો, શિક્ષકો અને વાલીઓ રેલી સ્વરૂપે દ્વારકા નગરપાલીકા કચેરીએ પહોંચ્યા હતા. આ ગંદકી વહેલી તકે દૂર કરવા ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

# દ્વારકા : મંદિર વિસ્તારમાં રોડ ઉપર દબાણ કરનારાઓ સામે તંત્રનું ભેદી મૌન : યાત્રિકોને અવરજવરમાં પડતી મુશ્કેલી

## દ્વારકા મંદિર વિસ્તાર પાસે ફોર વ્હીલ વાહનો ઉપર પ્રતિબંધ





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨

દેવભૂમિ દ્વારકા જગતમંદિર વિસ્તારમાં ફોર વ્હીલ વાહનોની અવરજવર ઉપર પોલીસ તંત્ર દ્વારા પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે અને ફોર વ્હીલ વાહનો પસાર થઈ ન શકે તે માટે બેરીકેડ મૂકી દેવામાં આવ્યા છે પરંતુ ખાટલે મોટી ખોટ એ છે કે, ટ્રાફિક સમસ્યાને લઈ ફોર વ્હીલના આવનજાવન ઉપર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે, પરંતુ મંદિર વિસ્તારમાં વેપલો કરતાં ધંધાર્થીઓ દ્વારા પોતાની દુકાનથી ૩ થી ૪ ફુટ જેટલું રોડ ઉપર દબાણ કરવામાં આવ્યું છે. જેના લીધે બહારથી આવતા યાત્રિકોને અવરજવર કરવામાં મુશ્કેલી વેઠવી પડતી હોય છે. જો કે, આ પ્રશ્ન ઘણાં સમયથી યાત્રિકો માટે માથાના દુખાવા સમાન છે. તેમ છતાં નગરપાલિકા તેમજ પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિકને સમસ્યારૂપ આ દબાણ દૂર કરવા કયારેય તસ્દી લીધી નથી. તો શું માત્ર ફોર વ્હીલની અવરજવર પર પ્રતિબંધ મૂકવાથી ટ્રાફિકની સમસ્યા હલ થશે? તેવો પ્રશ્ન બુધ્ધિજીવીઓમાં ઉઠી રહયો છે.

# રાજુલામાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ સંપન્ન

અમદાવાદ, તા.૨

અમરેલી જિલ્લાના રાજુલા ગામની શ્રીમતિ એચ.બી. સંઘવી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. વ્હેમ, અંધશ્રદ્ધા, ચમત્કારોને જાકારો આપી નવાંગતુક વિચારો અપનાવવાની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જાથાનો ૧૦,૦૩૦ મો કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. છાત્રાઓને ચમત્કારિક પ્રયોગોનું નિદર્શન કરી શીખડાવી દેવામાં આવ્યા હતા. કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન કોલેજના પ્રિન્સિપાલ ડો.રીટાબેન રાવલ અનેપો.ઈન્સ. ઈન્દુબેન ગીડાએ કર્યુંહતું. પો.ઈન્સ. ઈન્દુબેન ગીડાએ વર્તમાન સમયમાં સમાજમાંથી અંધશ્રદ્ધા દૂર થાય તેની તાતી જરૂરીયાત છે. જાથાના પ્રયાસો આવકારદાયક છે. સાઈબર ક્રાઈમ, ટ્રાફિક નિયમનની જાણકારી આપી હતી. કોલેજના પ્રિન્સિપાલ ડો.રીટાબેન પંડયાએ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતી પ્રવૃતિઓનો ચિતાર રજૂ કર્યો હતો. આગામી દિવસોમાં કોલેજ આધુનિક બિલ્ડીંગમાં સ્થળાંતર કરી રહી છે. આ વિસ્તારની છાત્રાઓને ઉચ્ચ શિક્ષણનો વધુ લાભ મળે તેવા હેતુથી ટ્રસ્ટ કામ કરી રહ્યું છે. અંધશ્રદ્ધાને દેશવટો આપવાની જરૂર છે. કેમ્પસ નિયામક ડો.જીજ્ઞેશભાઈ વાજાએ કોલેજની પ્રવૃતિથી સમાજને ફાયદો થવો જોઈએ. ટ્રસ્ટની ઉદાત ભાવનાનો વિસ્તારને લાભ મળે છે. જાથાનો કાર્યક્રમ યોજવા ટ્રસ્ટીઓનો નિર્ણય લાભકારક સાબિત થયો છે. સ્થાનિક મિડીયા કર્મીઓની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે રમેશભાઈ કાતરીયા, સેડીના પ્રિન્સિપાલ પવનકુમાર ચતુવેદી, મેનેજર રવિભાઈ વ્યાસ, મંત્રી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કારોબારી સભ્ય બિપીનભાઈ લહેરી, ઉમેશભાઈ મોદી, ગિરધરભાઈ ઉનાગર, પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન વિમળાબેન ઉનાગર, ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્યા સીમાબેન પંડયા, નયનાબેન સોલંકી, નાયબ મામલતદાર હિતેશભાઈ કાતરીયા, યોગેશભાઈ કાનાબાર, આતાભાઈ વાઘ, સુરતથી સિધ્ધાર્થભાઈ દેગામી, ભારતીબેન દેગામી, રાજકોટથી એડવોકેટ હર્ષાબેન પંડયા કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સુરત સત્ય શોધક સભાના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થભાઈ દેગામી અને વિનોદભાઈ વામજાએ મુંજાવર-સાધુના પહેરવેશમાં આબેહુબ



ચમત્કારોનું નિદર્શન કરી ઉપસ્થિત તમામને પ્રભાવિત કર્યા હતા. જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ છાત્રાઓ, વાલી અને જાગૃતોને સંબોધતા જણાવ્યું કે આપણે ૨૧ મી સદીમાં વિહાર કરીએ છીએ તેથી વાણી, વર્તન, કાર્યો વિજ્ઞાનલક્ષી હોવા જોઈએ. વિજ્ઞાન દ્રષ્ટિકોણ માનવી માટે લાભકારક છે. ત્રણ દાયકાથી રાજયમાં વિજ્ઞાન પ્રચાર-પ્રસાર સાથે અંધશ્રદ્ધા નિવારણનું મીશનથી કામ કરે છે. ધર્મ શ્રદ્ધા સાથે યેનકેન છેતરપિંડી કરનારા લેભાગુઓને જનહિતાયે ખુલ્લા કરવામાં આવે છે. બંધારણ સાથે નાગરિક ધર્મને અનુસરીને કાર્યો કરવામાં આવે છે. લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ-દ્રષ્ટિકોણ કેળવાય તે માટે સતત પ્રયત્ન કરવામાં આવે છે.

# કેશોદ પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર તથા સી.ટીમ કેશોદ દ્વારા ઘરેલું હિંસા અને માનસિક ત્રાસથી પીડિત મહિલાના ઝઘડાનું સુખદ સમાધાન કરાવાયું

જુનાગઢ, તા.૨

જુનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી તેમજ દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી ના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર (મહિલા સહાયતા કેન્દ્ર કેશોદ) ખાતે ૨૦૧૪થી કાર્યરત છે. સાસરી પક્ષમાં ઘરેલું હિંસા અને માનસિક ત્રાસથી કંટાળીને અરજદાર બહેન ઘણા સમય થી પિયરમાં હતા અરજદાર બહેનના સામા પક્ષને પુનઃ લગ્ન હોઈ અને તેમને ૪ સંતાન પણ હોઈ અરજદાર બહેનને ઘણા સમય થી ઘરમાં માનસિક ત્રાસ આપતા હોઈ અપશબ્દો બોલાતા



હોઈ તેમજ દહેજની માંગણી પણ કરતા હોઈ હતા બન્ને પક્ષને બોલાવી ને સમજાવવામાં આવ્યા જેમાં બંને પક્ષને બોલાવીને વ્યક્તિગત તેમજ જુથ મિટિંગ કરી બન્ને પક્ષને સમજાવવામાં આવેલ તથા બહેનની ઈચ્છા મુજબ પતિ તેની પત્નીને તેડી ગયેલ છે. તેમનું દાંપત્ય જીવન સુખમય રહે તેના માટે સી.ટીમ કેશોદના પરમાર શીતલબેન તથા પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર ને મહિલા કાઉન્સેલર મહિડા એસ આર. અને ગોંડલીયા જે. એસ. દ્વારા સુખદ સમાધાન કરાવવામાં આવ્યુંહતું.

# મોદી સરકારનું બીજાટર્મનું આશા- અપેક્ષા વચ્ચેનું છેલ્લું બજેટ : નિખિલ ભટ્ટ

**BSE** સેન્સેક્સ :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે **BSE** સેન્સેક્સ આગલા બંધ ૭૧૭૫૨.૧૧ સામે ૭૧૯૯૮.૭૮ પોઈન્ટના મથાળેથી ખુલીને નફારૂપી વેચવાલી દ્વારા ૭૧૫૭૪.૮૯ પોઈન્ટના નીચા મથાળે જોવા મળેલ. સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો. દિવસ દરમ્યાન સરેરાશ ૫૭૬.૧૩ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૧૦૬.૮૧ પોઈન્ટના ઘટાડા સાથે ૭૧૬૪૫.૩૦ પોઈન્ટ બંધ થયેલ..!!!

નિફ્ટી ફ્યુચર :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ ૨૧૮૦૮.૬૦ સામે ૨૧૮૦૦.૧૫ પોઈન્ટના મથાળેથી ખુલીને સ્ટોક સ્પેશીફીક ઘટાડો નોંધાવી ૨૧૭૨૫.૦૦ પોઈન્ટના નીચા મથાળા સુધી જોવા મળેલ. નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો... સરેરાશ ૧૯૫.૦૦ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફ્યુચર ૬૭.૬૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૧૭૪૧.૦૦ પોઈન્ટ બંધ થયેલ..!!!

**સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો...**

નાણાંકીયવર્ષ ૨૦૨૪-૨૫ માટેનું બજેટ વચગાળાનું હોવાથી તેમાં ખાસ મોટી જાહેરાતો ન થતા બજેટ એક નોન ઈવેન્ટ બની રહ્યું હતું. બીએસઈ ઉપર મીડકેપ ઈન્ડેક્સ ૦.૪૦% અને સ્મોલ કેપ ઈન્ડેક્સ ૦.૨૨% ઘટીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પરસર્વિસીસ, પાવર, યુટિલિટીઝ, બેન્કેક્સ, ઓટો, એફએમસીજી, ફાઈનાન્શિયલ સર્વિસીસ અને એનર્જી શેરોમાં લેવાલીજોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટર લઈન્ડાયસીસ ઘટાડા સાથે બંધ રહ્યા હતા.બીએસઈમાં કુલ ટ્રેડીંગ થયેલી ૩૯૪૩ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૨૦૨૨ અને વધનારની સંખ્યા૧૮૧૯ રહી હતી, ૧૦૨ શેરના ભાવમાં કોઈ ફેરબદલજોવાયો નહતો. જ્યારે ૨૫૨ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૪૩૨ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં મારૂતી સુઝુકી ઈન્ડિયા ૪.૪૦%, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ૨.૪૯%,એક્સિસ બેન્ક ૧.૫૭%એનટીપીસી ૧.૩૨% અને સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડિયા ૧.૧૨% વધ્યા હતા, જ્યારે લાર્સન એન્ડ ટુબ્રો ૨.૩૮%,અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૨૬%, જેએસડબલ્યૂ સ્ટીલ ૨.૦૩%, ટાઈટન કંપની ૧.૯૩% અને બજાજ ફાઈનાન્સ ૧.૭૫ ઘટ્યા હતા.

ઈન્ડેક્સ બેઝડ સેન્સેક્સ, નિફટીમાં ઘટાડા સાથે મીડકેપ, સ્મોલકેપ શેરોમાં વેચવાલીએ રોકાણકારોની સંપતિ બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન ૦.૩૬ લાખ કરોડ ઘટીને ૩૭૯.૪૨ લાખ કરોડરહ્યું હતું. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૩૦ કંપનીઓ માંથી ૯ કંપનીઓ વધી અને ૧૯ કંપનીઓ ઘટી હતી.

એક વર્ષ દરમ્યાન શેરબજાર માટે વલણ નક્કી કરતી એક મોટી ઈવેન્ટએટલે કેન્દ્રીય બજેટ...નાણામંત્રી નિર્મલા સીતારમણ ગુરૂવારે એટલે કે આજે મોદી સરકારનું લોકસભા ચૂંટણી પૂર્વેનું અંતિમ અને વચગાળાનું બજેટ રજૂ કર્યુ હતું. સામાન્ય રીતે લોકોને સર્વાંગી વિકાસલક્ષી બજેટનીઅપેક્ષા હોય છે, પરંતુ વચગાળાનું બજેટ હોવાથી તેમાં ખાસ મોટી જાહેરાતો કરવામાં આવી ન હતી.વચગાળાના બજેટમાં એપ્રિલથી શરૂ થતા નવા નાણાંકીય વર્ષના પ્રથમ ચાર મહિના માટે કેન્દ્ર સરકારના જરૂરી ખર્ચને પહોંચી વળવા એડવાન્સ ગ્રાન્ટ માટે સંસદની મંજૂરી મેળવી એપ્રિલ/મે માસમાં સામાન્ય ચૂંટણીઓ બાદ ચૂંટાયેલી નવી સરકાર જુલાઈ માસમાં સંપૂર્ણ બજેટ રજૂ કરી શકે છે.તો ચાલો જાણીએ આ વખતે વચગાળાના આ બજેટમાં કઈ કઈ જાહેરાતો સરકાર દ્વારા કરવામાં આવી અને કયા કયા મુદાઓને આવરી લેવાનો પ્રયાસ કરાયો.

એગ્રીકલ્ચર :- મોદી સરકારના છેલ્લાબજેટ ૨.૦માં ટેક્સ સ્લેબમાં કોઈ બદલાવ કરવામાં આવ્યો ન હતો. કૃષિ ક્ષેત્રે જોઈએ તો ખેડૂતો માટે ઘણી જાહેરાતકરવામાં આવી હતી. બજેટમાં જણાવવામાં આવ્યુ કે ડેરી ખેડૂતોને મદદ કરવા માટે યોજના બનાવવામાં આવશે. તેલીબિયાંમાં આત્મનિર્ભરતા માટે અને ઝડપી વિકાસ માટે નવી આર્થિક નીતિઓ બનાવવામાં આવી રહી છે. પીએમ મત્સ્ય યોજના ૫૫ લાખ નવી નોકરીઓ આપાશે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર :- ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરપર અંદાજીત ૧૧% વધુ ખર્ચ કરવામાં આવશે અનેપ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આગામી ૫ વર્ષમાં ગ્રામીણ વિસ્તારોમાં વધુ બે કરોડ મકાનો બનાવવાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે.

રેલ્વે :- નાણાંપ્રધાને બજેટમાં રેલવે અંગે પણ મોટી જાહેરાત કરી છે. તેમણે જણાવ્યુ કે ભારતમાં ત્રણ રેલ કોરિડોર શરૂ કરવામાં આવશે. પીએમ ગતિ શક્તિ યોજના હેઠળ કામ ઝડપી કરવામાં આવશે. માલવાહક પ્રોજેક્ટ પણ વિકસાવવામાં આવશે અને અંદાજીત ૪૦ હજાર સામાન્ય રેલ કોચને વંદે ભારતમાં રૂપાંતરિત કરવામાં આવશે.

એવિએશન :- એરલાઈન કંપનીઓએ અંદાજીત ૧૦૦૦ નવા એરક્રાફટનો ઓર્ડર આપ્યો છે, દેશમાં એરપોર્ટની સંખ્યા બમણી થઈને ૧૪૯ થઈ ગઈ છે. ટિયર ટુ અને ટાયર થ્રી શહેરોમાં એર કનેક્ટિવિટી વધી છે. ફ્લાઈટ પ્લાનિંગ દ્વારા ૫૧૭ નવા રૂટ દ્વારા ૧.૩ કરોડ મુસાફરો તેની સાથે જોડાયા છે. એવિએશન સેક્ટરની સાથે ટુરિઝમ તેમજ હોટેલ સેક્ટરને પણ ફાયદો થશે.

રિન્યુએબલગ્રીનએનર્જી :- કોરોના કાળમાં પડકાર છતાં કેન્દ્ર સરકાર ૩ કરોડ ઘરોના લક્ષ્યાંકને હાંસલ કરવાની નજીક છે ત્યારે ત્યારે હવે રૂફટોપ સોલાર એનર્જી માટે અંદાજીત ૧ કરોડ ઘરોમાં સોલાર પેનલ લગાવવામાં આવશે અને દરમહીને ૩૦૦ યુનિટવીજળીફ્રીઆપવાનીજાહેરાત કરવામાં આવી હતી.

ઉપરાંત આગામી ૫ વર્ષમાં રિફોર્મ, પરફોર્મ, ટ્રાન્સફોર્મ ઉપર સંપૂર્ણ ફોકસ સાથેદેશનો વિકાસ માટે શાનદાર રહેવાની આપેક્ષા સાથેસરકાર નેક્સ્ટ જનરેશન રિફોર્મ લાવશે.મધ્યમ વર્ગ માટે હાઉસિંગ સ્કીમ તેમજએમએસએમઈ માટે બિઝનેસ સરળ કરવા પર કામ શરૂ કરવામાં આવશે. બજારની ભાવિ દિશા....મિત્રો, નાણાંમંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, દેશની અર્થવ્યવસ્થા સાચી દિશામાં છે. અમારી સરકારનું ધ્યાન પારદર્શક શાસન ઉપર છે. સરકારે પડકારોનો સામનો કર્યો અને લોકોના હિતમાં માળખાકીય સુધારા કર્યા અને છેલ્લા ૧૦ વર્ષમાં ભારતીય અર્થતંત્રમાં અભૂતપૂર્વ પરિવર્તન આવ્યું છે ત્યારે આયોજન બદ્ધ બજેટની રજૂઆત તો થઈ અને તેનો અમલીકરણ પણ વહેલી તકે શરૂ થશે એ આશા સાથે આગામી દિવસોમાં બજેટની પોઝીટીવ અસરો ખાસ કરી ને એગ્રીકલ્ચર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રેલ્વે, એવિએશનઅને રિન્યુએબલ ગ્રીનએનર્જીસેક્ટરની કંપનીઓમાં જોવા મળી શકે છેઅને આ શેરોના ભાવો તબક્કાવાર ઉછાળો નોંધાવી શકે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ઈન્ડી ગઠબંધનમાં ભારે તિરાડ

તૃણમૂલ કોંગ્રેસ સુપ્રીમો અને બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એકલા જ ચૂંટણી લડવાની જે જાહેરાત કરી, તેના પર આશ્ચર્ય નહીં. તેમના વલણને જોતાં એવું લાગી રહ્યું હતું કે તે એવી પરિસ્થિતિઓ પેદા કરશે, જેનાથી કોંગ્રેસ સાથે કોઈ તાલમેલ ન થઈ શકે. તે કોંગ્રેસને ડાબેરી પક્ષોથી દૂર રહેવાનો સંદેશ આપી રહ્યાં હતાં, પરંતુ કોંગ્રેસ તે સમજવા તૈયાર ન હતી. આ ત્યારે હતું, જ્યારે કેરળમાં ડાબેરી પક્ષ કોંગ્રેસ સાથે મળીને ચૂંટણી લડવાનો ઈનકાર કરી રહ્યા હતા. ખબર નહીં કોંગ્રેસ એ જોવાનો ઈનકાર કેવી રીતે કરી રહી છે કે બંગાળમાં ડાબેરી પક્ષો તેના માટે લાભદાયક સાબિત નથી થઈ રહ્યા. બંગાળમાં આગામી લોકસભા ચૂંટણી એકલા લડવાની જાહેરાતથી કોંગ્રેસને ઝાટકો લાગ્યો છે અને એ તેના નેતાઓના નિવેદનોથી પ્રગટ પણ થઈ રહ્યું છે. કોંગ્રેસનું માનીએ તો તૃણમૂલ કોંગ્રેસ તેની મુખ્ય સહયોગી છે અને તેના વિના ગઠબંધનની કલ્પના ન કરી શકાય, પરંતુ તેમાં શંકા છે કે મમતા બેનર્જી પોતાના નિર્ણય પર નવેસરથી વિચાર કરે.

મમતા માત્ર એટલાથી નારાજ નથી કે કોંગ્રેસ ડાબેરી પક્ષોનો સાથ છોડ્યા વગર તેમની સાથે આવવા માગતી હતી, તેઓ એનાથી પણ ગુસ્સે છે કે કોંગ્રેસે રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા કાઢવાનો નિર્ણય વિપક્ષી ગઠબંધનના ઘટકોને ભરોસામાં લીધા વિના કર્યો. આ ફરિયાદ ગઠબંધનના અન્ય ઘટકોને પણ છે. જેડીયુનું કહેવું છે કે એવી કોઈ યાત્રા કોંગ્રેસ તરફથી નહીં, બલ્કે વિપક્ષી ગઠબંધન તરફથી કાઢવી જોઈતી હતી. વાસ્તવમાં એવું કરવું સમયની માંગ હતી, પરંતુ કદાચ કોંગ્રેસની પ્રાથમિકતામાં ગઠબંધનને મજબૂત કરવું અને વહેલી તકે સીટોની વહેંચણીની કોઈ ફોર્મ્યૂલા નક્કી કરવાનું ઓછું અને રાહુલ ગાંધીના રાજકીય કદને વધારવાનું વધારે હતું. આશ્ચર્ય નહીં કે બંગાળ બાદ અન્ય રાજ્યોમાં પણ વિપક્ષી ગઠબંધનના ઘટકો વચ્ચે ખટપટ વધી શકે. કોંગ્રેસ વિપક્ષી ગઠબંધનની સૌથી મુખ્ય ઘટક જ નહીં, રાષ્ટ્રીય પાર્ટી પણ છે. એવામાં આ ગઠબંધનને મજબૂતી આપવા માટે તેણે જ વધુ સક્રિય થવું જોઈતું હતું, પરંતુ આ કામ તે ન કરી શકી. તે ઉપરાંત તે ગઠબંધન દ્વારા કોઈ કોમન મિનિમમ પ્રોગ્રામ કે વૈકલ્પિક એજન્ડાને રજૂ કરવામાં પણ નિષ્ફળ રહી છે. રાહુલ ગાંધી પોતાની યાત્રા દ્વારા ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર રાજકીય હુમલા તો ખૂબ કરી રહ્યા છે, પરંતુ તે એવો કોઈ વિમર્શ ઊભો નથી કરી શકતા, જેનાથી જનતા કોંગ્રેસ તરફ આકર્ષિત થઈ શકે. વિમર્શના નામે કોંગ્રેસ પાસે એકસૂત્રીય એજન્ડા છે - મોદી હટાવો. કોઈને ખબર નથી કે કોંગ્રેસ મોદીને હટાવીને શું કરશે? વિપક્ષી ગઠબંધનને દિશા આપીને કોંગ્રેસ ખુદની સાથે વિપક્ષને પણ તાકાત આપી શકતી હતી અને આ રીતે લોકતંત્રને મજબૂત કરવાનું કામ કરી શકતી હતી, પરંતુ અત્યારે તો તે પોતે જ દિશાહીન દેખાઈ રહી છે.

# શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં નિર્ભય શાખાની તપાસ કરવામાં આવી

વડોદરા, તા.૨

વડોદરા શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં નિર્ભય શાખા દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં ૧૨૦ માંથી ૧૪ શાળાઓનું બાંધકામ જર્જરિત હોવાનો તપાસમાં ખુલાસો થયો છે. તેમજ શિક્ષણ સમિતિની તમામ શાળાના બાંધકામનો NDT ટેસ્ટ કરવામાં આવશે. વડોદરા શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં નિર્ભય શાખા દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં ૧૨૦ માંથી ૧૪ શાળાઓનું બાંધકામ જર્જરિત હોવાનો તપાસમાં ખુલાસો થયો છે. તેમજ શિક્ષણ સમિતિની તમામ શાળાના બાંધકામનો NDT ટેસ્ટ કરવામાં આવશે. આ અગાઉ વર્ષ ૨૦૨૨માં પણ શિક્ષણ સમિતિની ૬ શાળાને નોટિસ ફટકારવામાં આવી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ગૂંગો કોણ છે ? જે જરૂર જણાય ત્યાં બોલતો નથી તે.

- અમોધવર્ષ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.શહેરેવર-૧૩૯૩, મુ. રજજબ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, પોષ વદ-૭ કાલાષ્ટમી, શ્રી રામાનંદાચાર્ય જયંતિ તા.૨ ફેબ્રુઆરી ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૨૧, સ્વાતિ નક્ષત્ર, શૂળ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૩૨, સૂ.અ.૬:૩૮

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (૨ ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ધાર્યા કાર્યમાં વિલંબ થાય. આર્થિક સમસ્યા હળવી બને.
વૃષભ:મનની ચંચળતા દૂર થાય. કર્મક્ષેત્રે સફળતા મળે.
મિથુન:કાર્યબોજમાં વધારો થાય. વ્યર્થ દોડાદોડી રહે.
કર્ક: માનસિક પ્રફુલિતતા રહે. આર્થિક ચિંતા દૂર થાય.
સિંહ: સાહસિક કાર્યમાં સફળતા મળે. આકસ્મીક ધન લાભ થાય.
કન્યા: ગૃહવિવાદ, પુરૂષાર્થનું શુભ ફળ મળે.
તુલા: પ્રવાસ ટાળવો હિતાવહ. આરોગ્ય બાબતે સંભાળવું.
વૃશ્ચિક:બગડેલા કાર્યો સુધરે. સંતાનથી લાભ થાય.
ધન: માનસિક ચિંતા દૂર થાય. આવકમાં વૃધ્ધિ થાય.
મકર: મહત્વની તક સાંપડે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય.
કુંભ: વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. કર્મક્ષેત્રે પરિવર્તનનો માર્ગ ખુલે.
મીન: સંપત્તિ સંબંધિ કાર્યમાં સફળતા મળે.

# પ્રાણ પ્રતિષ્ઠા બાદ રામલલ્લાની મૂર્તિમાં સત્ય પ્રાણ પુરાયા

## મથુરા-વૃંદાવનના પ્રેમાનંદ મહારાજજી તેમના ઉપદેશોમાં શ્રી કૃષ્ણના મહિમા અને સ્વરૂપનું વર્ણન કરે છે, પ્રેમાનંદજી મહારાજે કર્યો ખુલાસો



નવી દિલ્હી, તા.૨

લાખો ભક્તો પ્રેમાનંદ મહારાજના ઉપદેશ અને પ્રવચનો ખૂબ જ ઉત્સાહથી સાંભળે છે. મથુરા-વૃંદાવનના પ્રેમાનંદ મહારાજ જી તેમના ઉપદેશોમાં શ્રી કૃષ્ણના મહિમા અને સ્વરૂપનું વર્ણન કરે છે. પરંતુ હાલમાં જ એક ભક્તે તેમને શ્રી રામલલ્લા સંબંધિત પ્રશ્ન પૂછ્યો. જેનો જવાબ પ્રેમાનંદજીએ ખુબ સારી રીતે આપ્યો. પ્રેમાનંદ મહારાજના પ્રવચનો અને તેમની વાતોને આખો દેશ સાંભળે છે. એમના પ્રવચનો એટલા પ્રભાવશાળી છે કે ક્રિકેટર વિરાટ કોહલી અને એક્ટ્રેસ અનુષ્કા શર્મા પણ એમના આશીર્વાદ લેવા પહોંચે છે. પ્રેમાનંદ મહારાજ આમ તો શ્રી કૃષ્ણની મહિમા અને એમના સ્વરૂપના પ્રવચનોનું વર્ણન કરે છે. પરંતુ હાલમાં જ એક ભક્તોએ શ્રી રામલલ્લા સાથે જોડાયેલો સવાલ પૂછ્યો. ભક્તે પૂછ્યું, પ્રાણ પ્રતિષ્ઠા બાદ આખરે શા માટે બદલાઈ ગઈ રામલલ્લાની મૂર્તિ. આ સવાલના જવાબમાં પ્રેમાનંદ મહારાજે સટીક વર્ણન આપતા આ અંગે એક ખુલાસો કર્યો કે આવું શા માટે થયું. આ દિવસોમાં પ્રેમાનંદ જી મહારાજનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં અયોધ્યાના એક ભક્ત તેમને સવાલ પૂછી રહ્યા છે. અયોધ્યાથી આવેલા આ ભક્તે પૂછ્યું, 'પ્રાણ પ્રતિષ્ઠા પછી સ્થાપિત શ્રી રામજીની મૂર્તિ દિવ્ય અને જીવંત બની ગઈ. આ જીવંતતાનું કારણ શું છે?' આ પ્રશ્નના જવાબમાં પ્રેમાનંદજી મહારાજે જવાબ આપ્યો, 'આપણા શાસ્ત્રો અને આપણા મંત્રોમાં મોટી શક્તિ છે. શ્રીવિગૃહમાં, વેદ અને મંત્રોની મદદથી ભગવાનનું આહ્વાન કરવામાં આવે છે.' તેઓ આગળ કહે છે, ' જે મંત્રવેત્તા, જે ત્રિકાલ સંધ્યા કરે છે, બ્રાહ્મણવાદથી રંગાયેલા છે, જ્યારે બ્રહ્મ ઋષિ તેમનું મંત્રોથી આહ્વાન કરે છે, ત્યારે ભગવાન જે સ્વરૂપોમાં હાજર છે, તેઓ ત્યાં પ્રગટ થઈ જાય છે. પ્રેમાનંદ મહારાજ આગળ કહે છે, 'મંત્રોમાં મોટી શક્તિ છે અને બીજી લાગણી છે. લાગણીઓમાં મોટી શક્તિ છે, મહાપુરુષોના ભાવ જ્યાં ઈચ્છે, ત્યાં ભગવાન ઉભા કરી શકે છે. એક-બે ભક્તોની નહીં પણ અસંખ્ય ભક્તોની લાગણીઓ મંત્રો સાથે જોડાયેલી છે. આવી સ્થિતિમાં, મંત્રવેત્તાઓનું આહવાન અને ભક્તોની લાગણીમાં એટલી શક્તિ છે, તે ખરેખર ભગવાનનું ઘર છે, ભગવાન પહેલાથી જ ત્યાં હતા, તેઓ પ્રગટ થયા. એવા મંત્રોના જાપ કરનારા છે જે ચમત્કાર કરી શકે છે, જુઓ ચમત્કાર થયો ને. ભગવાન દેખાયા. સૌથી પહેલા તો વિગ્રહમાં મૂર્તિ છે અને પ્રાણ પ્રતિષ્ઠા પછી શું છે તે જુઓ, તમને સ્પષ્ટપણે ફરક દેખાશે. ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા બાદ શ્રી રામલલ્લાને બિરાજમાન કરવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં, ઘણા ભક્તોએ સોશિયલ મીડિયા પર પણ કહ્યું હતું કે, પ્રાણ પ્રતિષ્ઠા પછી શ્રી રામની મૂર્તિ ખૂબ જ અલૌકિક દેખાઈ રહી હતી.

# ગુજરાત ઈ-નોટરી સિસ્ટમ લાગુ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય



(જી.એન.એસ),તા.૨

સૌપ્રથમ વાર ગુજરાત રાજ્ય કરશે ઈ-નોટરી સિસ્ટમની શરૂઆત. ગુજરાત સરકારે ઈ-નોટરી સિસ્ટમ લાગુ કરવાની તૈયારીઓ કરી લીધી છે. હવે કોઈપણ ડોક્યુમેન્ટમાં ખોટું નહીં થઈ શકે. ડોક્યુમેન્ટેશનમાં કોને, શું કર્યું? તેની વિગતો હો ઈ-નોટરી સિસ્ટમથી ટ્રેક કરી શકાશે. દરેકે ડોક્યુમેન્ટેશન માટે નોટરાઈઝેશન કરાવવું જરૂરી છે. ગુજરાત સરકાર અને ખાનગી કંપની વચ્ચે એમઓયુ થયા છે. ઈ-નોટરી સિસ્ટમ લાગુ થવાથી ગુજરાત સરકારના નોટરીની આવક અને કામમાં કોઈ ફેર નહીં પડે. ઈ-નોટરી સિસ્ટમથી પેપરલેસ વ્યવહારને પ્રોત્સાહન મળશે. ડોક્યુમેન્ટ નોટરાઈઝેશન માટે પારદર્શક પ્લેટફોર્મ પૂરું પાડશે. કાર્યક્ષમતા વધારવા અને નોટરાઈઝેશન પ્રક્રિયા ઝડપી બનશે. નોટરીનો મુખ્ય ઉદ્દેશ્ય છે છેતરપિંડી થતી અટકાવી..

નોટરી શું છે? તમને જણાવી દઈએ, નોટરી એ સાર્વજનિક રૂપે સોંપાયેલ અધિકારી છે જે કાનૂની દસ્તાવેજ પર હસ્તાક્ષર કરવા માટે નિષ્પક્ષ સાક્ષી તરીકે સેવા આપે છે. દસ્તાવેજ પર હસ્તાક્ષર કરવાના હોય ત્યાં નોટરીની સેવાઓ સામાન્ય રીતે જરૂરી હોય છે. જેમ કે રિયલ એસ્ટેટ ડીડ, એફિડેવિટ, વિલ્સ, ટ્રસ્ટ, પાવર ઓફ એટર્ની, વેચાણના બિલો અથવા અન્ય સત્તાવાર વ્યવહાર દસ્તાવેજો માટે નોટરીની જરૂર પડે છે. નોટરીનો મુખ્ય ઉદ્દેશ્ય છે છેતરપિંડી થતી અટકાવી.

હવે સવાલ હશે કે નોટરી કેમ જરુરી છે? તમને જણાવી દઈએ, નોટરી એ કાનૂની દસ્તાવેજ પર હસ્તાક્ષર અથવા પ્રમાણીકરણ માટે નિષ્પક્ષ સાક્ષી છે. નોટરીમાં રિયલ એસ્ટેટ ડીડ, એફિડેવિટ, વિલ્સ, ટ્રસ્ટ અને પાવર ઓફ એટર્નીનો સમાવેશ થાય છે. નોટરી ઓછામાં ઓછી ૧૮ વર્ષની હોવી જોઈએ અને તે રાજ્યમાં રહે છે જ્યાં તેમને લાઈસન્સ આપવામાં આવ્યું છે. નેશનલ નોટરી એસોસિએશન(NNA) એ શિક્ષણ અને નોટરીઓ વિશેની માહિતી માટેનો સારો સ્ત્રોત છે.

એમ સવાલ હશે કે નોટરી ઈતિહાસ શું છે? તમને જણાવી દઈએ, નેશનલ નોટરી એસોસિએશન (એનએનએ) અનુસાર, નોટરીનો ઉપયોગ ૨૭૫૦ બીસીઈ સુધી કરવામાં આવતો હતો.

ઈજિપ્ત અને સુમેરિયામાં. ઈજિપ્તવાસીઓ દ્વારા શાસ્ત્રીઓ કહેવાતા, આ લેખકો અને સાક્ષીઓએ પ્રાચીન વિશ્વના મોટા ભાગના ઈતિહાસનું દસ્તાવેજીકરણ કર્યું. રોમન સામ્રાજ્ય ભાષણોથી લઈને હવામાન સુધીની દરેક વસ્તુને સાક્ષી આપવા અને દસ્તાવેજ કરવા અને સત્તાવાર દસ્તાવેજો બનાવવા માટે નોટરી અને સ્ક્રિબેનો ઉપયોગ કરતું હતું. પ્રથમ માન્યતા પ્રાપ્ત નોટરી ટિરો હતી, એક રોમન સેવક જેણે ભાષણો રેકોર્ડ કરવા માટે લઘુલિપિ વિકસાવી હતી.

# પાર્સલ ડિલિવરી કંપનીમાં ૧૨ હજાર લોકોની નોકરી જશે

## રોજગાર મોરચે વધુ એક ખરાબ સમાચાર છે, અગ્રણી પાર્સલ ડિલિવરી કંપની UPS એ કહ્યું છે કે તેની નાણાકીય સ્થિતિ કથળી રહી છે



નવી દિલ્હી, તા.૨

સમગ્ર વિશ્વમાં નોકરીઓની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. વિશ્વના ઘણા દેશોમાં દરરોજ વિવિધ કંપનીઓમાંથી છટણીના સમાચાર આવે છે. હવે વધુ એક નિરાશાજનક સમાચાર સામે આવી રહ્યા છે કે વિશ્વની સૌથી મોટી પાર્સલ ડિલિવરી કંપની યુનાઈટેડ પાર્સલ સર્વિસ ૧૨,૦૦૦ થી વધુ લોકોને તેમની નોકરીમાંથી છટણી કરવાની તૈયારી કરી રહી છે. આ સિવાય કંપની તેના ટ્રક ફ્રેઈટ બ્રોકરેજ બિઝનેસ કોયોટ માટે પણ આકરા નિર્ણયો લેવાનું વિચારી રહી છે. યુનાઈટેડ પાર્સલ સર્વિસે વર્ષની આવક અપેક્ષા કરતાં ઓછી રહેવાનો અંદાજ મૂક્યો હતો. આ પછી યુપીએસના શેરમાં ૬.૩ ટકાનો જંગી ઘટાડો જોવા મળ્યો હતો. કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ કેરોલ ટોમે કહ્યું કે ગત વર્ષ મુશ્કેલ અને નિરાશાજનક હતું. UPS એ તેના તમામ બિઝનેસ સેગમેન્ટ્સમાં વોલ્યુમ, રેવન્યુ અને ઓપરેટિંગ પ્રોફિટમાં ઘટાડો નોંધ્યો છે. હવે કંપનીનો ધ્યેય $1 બિલિયનનો ખર્ચ ઘટાડવાનો છે. યુપીએસની સ્થિતિ વૈશ્વિક અર્થવ્યવસ્થાની સ્થિતિનો સંકેત માનવામાં આવી રહી છે. કંપનીના જણાવ્યા અનુસાર, ૨૦૨૪ના બીજા છમાસિક ગાળા સુધી સ્થિતિ સુધરવાની કોઈ આશા નથી. અંદાજ મુજબ, કંપનીની સંપૂર્ણ વર્ષની આવક ઈ૯૨ બિલિયન અને $94.5 બિલિયનની વચ્ચે હશે. નિષ્ણાતોએ કંપનીની આવક આશરે $95.57 બિલિયન હોવાનો અંદાજ મૂક્યો હતો. કંપનીના સીએફઓ બ્રાયન ન્યુમેનના જણાવ્યા અનુસાર ટીમસ્ટર્સ યુનિયન સાથેના નવા કરારને કારણે તેની મજૂરી ખર્ચ વધી રહ્યો છે. આ સિવાય તેના સરેરાશ ઓર્ડર પણ ઘટી રહ્યા છે. ન્યુમેનના જણાવ્યા અનુસાર, અમારું ઓપરેટિંગ માર્જિન પ્રથમ ક્વાર્ટરમાં સૌથી ઓછું રહેવાની ધારણા છે. શ્રમ સમસ્યાઓના કારણે, FedEx જેવી કંપનીઓએ UPSના ૬૦ ટકા બિઝનેસ પર કબજો કર્યો હતો. કંપની તેને ફરીથી મેળવવામાં સફળ રહી છે. જોકે, ગ્રાહકો હવાઈ સેવાઓ કરતાં અન્ય ડિલિવરી વિકલ્પોને પસંદ કરી રહ્યા છે. તેનાથી UPS અને FedEx બંને પર દબાણ વધી રહ્યું છે. UPSના આંતરરાષ્ટ્રીય એર-આધારિત સેગમેન્ટ અને ટ્રક બિઝનેસમાં ચોથા ક્વાર્ટરમાં અનુક્રમે ૬.૯ ટકા અને ૭.૩ ટકાનો ઘટાડો થયો છે. કંપનીની ત્રિમાસિક આવક એક વર્ષ અગાઉ $27 બિલિયનથી ઘટીને $24.9 બિલિયન થઈ છે. કંપનીનો નફો પણ ગયા વર્ષે શેર દીઠ $3.62 થી ઘટીને $2.47 થયો.

# જામનગર સહિતના જિલ્લાઓમાં સ્માર્ટ ગ્રંથાલય વિકસાવાશે

ગાંધીનગર, તા.૨

વિધાનસભા ગૃહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ સંબોધન કર્યુ હતુ. સંબોધનમાં અનેક મહત્તાવનની બાબત જાણાવી છે. જેમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ આજ સુધીમાં ૧૫ હપ્તામાં કુલ રૂપિયા ૧૫, ૪૦૭.૮૨ કરોડની રકમ ૬૪.૧૩ લાખ લાભાર્થી ખેડૂતોના બેંક એકાઉન્ટમાં સીધી જમા કરવામાં આવી છે.

વિધાનસભા ગૃહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ સંબોધન કર્યુ હતુ. સંબોધનમાં અનેક મહત્તાવનની બાબત જાણાવી છે. જેમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ આજ સુધીમાં ૧૫ હપ્તામાં કુલ રૂપિયા ૧૫, ૪૦૭.૮૨ કરોડની રકમ ૬૪.૧૩ લાખ લાભાર્થી ખેડૂતોના બેંક એકાઉન્ટમાં સીધી જમા કરવામાં આવી છે. તેમજ ખેડૂતોને બાગાયતી પાકો માટે અદ્યતન ટેકનોલોજી પ્રદાન કરવાના હેતુથી રાજ્યમાં અમદાવાદ, જામનગર અને ખેડામાં તથા નર્મદા, પંચમહાલ અને અરવલ્લીમાં નવા સેન્ટર ઓફ એક્સલન્સ નિર્માણ પામી રહ્યા છે.ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના થરાદ, ધાનેરા, ડીસા, દિયોદર અને કાંકરેજ તાલુકાઓના ગામોને બે નવી પાઈપલાઈન યોજનાઓની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.આ યોજનાથી ૧૫૦૦૦ હેક્ટર કરતાં વધુ વિસ્તારને સિંચાઈનો લાભ થશે. સરદાર સરોવર નર્મદા યોજનાની વડોદરા, મિયાગામ, સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા નહેર ઉપર જુદી જુદી જગ્યાએ લઘુ વીજમથકોના બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે.આ વીજ મથકોથી ૮૫.૪૬ મેગાવૉટ વીજ ઉત્પાદન કરવાનું આયોજન છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૧-૨૨ માં સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૨૨૮૩ યુનિટ હતો.જે વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં૨૪૦૨.૪૯યુનિટમાં થયો છે.કોઈ પણ રાજ્યના સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એક મુખ્ય જરૂરી માપદંડ છે.જે રાજ્યના વિકાસને પ્રતિબિંબિત કરે છે. ગુજરાત ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનમાં વૈશ્વિક લીડર તરીકે ઉભરી આવવા માટે સક્ષમ અને તૈયાર છે. તાજેતરમાં ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન માટે પાવર સપ્લાય કરવા રાજ્ય સરકારે આર.ઈ. પ્રોજેક્ટસના વિકાસ માટે જમીન નીતિ-૨૦૨૩ જાહેર કરી છે અને વિકાસકર્તાઓને ફાળવણી માટે બે લાખ હેક્ટર જેટલી જમીન નિર્ધારિત કરી છે. પરિણામે લગભગ ૪૦ લાખ વાર્ષિક મેટ્રિક ટન ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત થશે.વૈશ્વિક કક્ષાના નાણાકીય કેન્દ્ર તરીકે વિકસી રહેલા ગિફ્ટ સિટીમાંથી થતી નિકાસ જે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં રૂપિયા ૩,૪૦૨ કરોડ હતી.

# વનરક્ષક પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ થવાની શરૂઆત થઇ

અમદાવાદ, તા.૨

વનરક્ષકની ભરતી પરીક્ષાને લઈ મહત્વની અપડેટ સામે આવી છે. અત્રે જણાવીએ કે, આ ભરતી પરીક્ષા માટે કોલલેટર ડાઉનલોડ થવાનું શરૂ થઈ ગયું છે. આજથી વનરક્ષક પરીક્ષા ઉમેદવારો કોલલેટર ડાઉનલોડ કરી શકશે.પરીક્ષાના સમય સુધી ઉમેદવારો કોલલેટર ડાઉનલોડ કરી શકશે. https://ojas.gujarat.gov.in વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે.

વનરક્ષકના પરીક્ષાર્થીઓ ojas.gujarat.gov.inની વેબસાઈટ પર જઈને પોતાની જન્મ તારીખ તેમજ કેન્ફર્મશન નંબર નાંખવાના રહેશે. જે બાદ ઉમેદવારો પોતાનો કોલલેટર ડાઉનલોડ કરી શકશે

ગુજરાત સરકારના ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૪૩૦૦ જગ્યાઓ માટે ભરતી બહાર પાડવામાં આવી હતી. જે જગ્યાઓમાં પણ વધારો કરાયો હતો. જે ૪૩૦૦થી વધારીને ૫૨૦૦ કરાઈ છે. ગૌણ સેવા પસંદગી મંડળ જુનિયર ક્લાર્ક, હેડ ક્લાર્ક, ઓફિસ આસિસ્ટન્ટ સિનિયર ક્લાર્ક સહિત ૧૭ કેડર માટે ૪૩૦૦ જગ્યાઓ માટે જાહેરાત કરી હતી. મંડળ દ્વારા તા. ૦૩ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતમાં સિનિયર ક્લાર્ક સંવર્ગની કુલ ૫૩૨ જગ્યાઓ પૈકી ક્રમાંક-૮ સામેની કમિશનર મહિલા અને બાળ વિકાસની કચેરી (ICDS)ની કુલ ૧ જગ્યા બિનઅનામત (સામાન્ય) તરીકે દર્શાવેલ છે જે બિનઅનામત મહિલા ઉમેદવાર માટે અનામત રાખવામાં આવશે.

# અમદાવાદ એરપોર્ટથી રાજકોટ સુધી વોલ્વો બસની સુવિધા શરૂ કરાઈ

અમદાવાદ, તા.૨ : અમદાવાદ એરપોર્ટથી ફ્લાઈટ કનેક્ટિવિટી વધુ હોવાથી સૌરાષ્ટ્રના લોકોને અહી સુધી આવવું પડે છે. ત્યારે અમદાવાદ એરપોર્ટથી રાજકોટ સુધી જોડતી બસ સેવાનો પ્રારંભ કરાયો છે. હવે મુસાફરોને રાજકોટથી અમદાવાદ એરપોર્ટ સુધી ખાનગી બસોમાં વધુ રૂપિયા ચૂકવવા નહિ પડે, અમદાવાદ ગુજરાતમાં એરપોર્ટથી રાજકોટ સુધીની બસ ટ્રાન્સપોર્ટશનની કનેક્ટિવિટી શરૂ કરાઈ છે. અમદાવાદ એરપોર્ટને GSRTC સાથે જોડવાનો પ્રથમ પ્રયાસ કરાયો છે. અમદાવાદ એરપોર્ટથી હવે રાજકોટ સુધીની વોલ્વો બસની કનેક્ટિવિટી મળી શકશે. GSRTC દ્વારા અમદાવાદ એરપોર્ટથી રાજકોટ સુધીની મુસાફરી માટે વોલ્વો બસ સુવિધા શરૂ કરાઈ છે. આ બસ સુવિધાનો પ્રારંભ ૫ ફેબ્રુઆરીથી થશે. મુસાફરો ૫૫૩ રૂપિયા ભાડુ ચૂકવીને અમદાવાદ એરપોર્ટથી નીકળીને સીધા રાજકોટ પહોંચી શકશે.

# અભ્યાસના અસહ્ય બોજને કારણે વિદ્યાર્થીઓ આત્મહત્યા કરવા મજબૂર થઈ રહ્યા છે

અમદાવાદ તા.૨

રાજસ્થાન કોટામાં વધુ એક વિદ્યાર્થિનીની આત્મહત્યાની ઘટના ફરી એકવાર એ બતાવે છે કે છેલ્લા ઘણા વર્ષોથી આ સમસ્યા સતત જટિલ બની રહી હોવા છતાં તેને સુધારવા માટે કોઈ ગંભીરતા દેખાઈ રહી નથી. નોંધનીય છે કે આત્મહત્યા કરતા પહેલા વિદ્યાર્થિનીએ તેના માતા-પિતાને સંબોધીને લખેલા પત્રમાં લખ્યું હતું કે 'હું ત્નઈઈ પાસ કરી શકતી નથી. તેથી હું આત્મહત્યા કરી રહી છું. હું હારી ગઈ છુંઅને તેનું કારણ હું પોતે જ છું. મારા માટે આ છેલ્લો વિકલ્પ છે.

આવી ઘટનાઓ દર્શાવે છે કે, શિક્ષણનો વધુ પડતો ભાર અને 'કંઈક મોટું' કરી શકવાનો બોજ અને આ સમગ્ર સિસ્ટમ ક્યા સ્તરે કરૂણર પરિસ્થિતિનું નિર્માણ કરી રહી છે જેમાં કિશોરાવસ્થાના બાળકોને જીવન અથવા મૃત્યુ વચ્ચેની પસંદગીનો સામનો કરવો પડી રહ્યો છે. આ વર્ષે વિદ્યાર્થીની આત્મહત્યાની આ બીજી ઘટના છે. જ્યારે આવી ઘટના વ્યાપક ચર્ચાનો વિષય બને છે અને લોકો દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવે છે, ત્યારે તેના ઉકેલ માટે વિવિધ સ્તરે પગલાં લેવાની વાતો કરવામાં આવે છે. પરંતુ કદાચ આ સમસ્યાના મૂળને ઓળખવા અને તે મુજબના નક્કર ઉકેલો શોધવા માટે કોઈ પહેલ કરવામાં આવી રહી નથી.

પ્રશ્ન એ છે કે કિશોરાવસ્થામાં બાળકો અનેક પ્રકારની માનસિક અને શારીરિક મુશ્કેલીઓમાંથી પસાર થાય છે ત્યારે શિક્ષણ અને ભવિષ્યની ચિંતા સાથે તેમના માથે આ બોજ કોણ નાખે છે ? આ પછી, આ ચિંતાનો લાભ ઉઠાવવા માટે, કોચિંગ સંસ્થાઓએ જે કડક વ્યવસ્થા ઊભી કરી છઅને જે રીતે અનેક બાળકો તેની નીચે કચડાઈ રહ્યાં છે તેના ઉપર કોઈ નિયંત્રણ કેમ રાખવામા આવતું નથી?

સરકારોને આ અંગે કોઈ સ્પષ્ટ અને નક્કર નીતિ બનાવવાની જરૂર કેમ લાગતી નથી? કોટામાં છેલ્લા ઘણા સમયથી સતત આવી પરીક્ષાઓની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓની આત્મહત્યા હવે વ્યાપક ચિંતાનો વિષય બની ગઈ હોવા છતાં પણ આવી દુર્ઘટનાઓ હજુ પણ સતત બની રહી છે. આવી આત્મહત્યાઓનું એકમાત્ર કારણ એ છે કે તરૂણ વિદ્યાર્થી પરીક્ષા આપવામાં અને તેની તૈયારી કરવામાં અસહાય જણાય છે અને અન્ય કોઈ વિકલ્પ વિશે વિચારી જ શકતું નથી.



જે ઉંમરે ઘણા બાળકો આ અભ્યાસ અને તેને લગતી પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ પરિણામ મેળવવાના બોજથી દબાયેલા હોય છે ત્યારે તેઓ પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે કેટલી પરિપક્વતા દાખવે છે તે આપણા માટે સમજવું જરૂરી બની ગયું છે. સામાન્ય રીતે લોકો એવું માનતા હોય છે કે જીવનમાં સફળ થવા માટે ડોક્ટર-એન્જિનિયર કે ઉચ્ચવહીવટી અધિકારી બનવું એ જ એક યોગ્ય વિકલ્પ છે. પણ આ પરીક્ષાઓમાં સફળતા મેળવવા માટે વિદ્યાર્થીને કેટલો રસ છે અથવા તે કેટલો સક્ષમ છે શું તેનું મૂલ્યાંકન કરવાની જરૂર નથી?

બીજી બાજુ, માતાપિતા, તેમના બાળકો માટે વધુ સારૂ ભવિષ્ય બનાવવા તેમના બાળકો દ્વારા તેમની મહત્ત્વાકાંક્ષાઓ પૂર્ણ કરવા માંગે છે. કિશોરાવસ્થા એ શાળા અને કોલેજના અભ્યાસ સાથે વ્યક્તિત્વ નિર્માણનો નાજુક સમયગાળો છે. તેના બદલે, જો બાળકને અભ્યાસમાં રસ ન હોવા છતાં પ્રવેશ પરીક્ષા માટે આ એકમાત્ર વિકલ્પ આપવામાં આવે તો તેની વિચારસરણી, સમજણ અને સંવેદનશીલતાને તે ચોક્કસપણે અવરોધે છે. આવા સંજોગોમાં જો બાળકો જીવ ગુમાવે છે અને આત્મહત્યા કરે છે તો તે કોની જવાબદારી છે? સ્વાભાવિક છે કે શિક્ષણ માટેની આ આંધળી દોડ ક્યાં જઈને અટકશે તે માતાપિતા-પરિવાર, સમાજ, શિક્ષણ જગત અને સરકાર માટે વિચારવાની વાત છે!

# ધોરણ-૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષાનો ૧૯ ફેબ્રુઆરીથી પ્રારંભ કરવામાં આવશે

અમદાવાદ, તા.૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સના પ્રાયોગિક વિષયોની પરીક્ષા ૧૯ ફેબ્રુઆરીથી લેવામાં આવશે. પ્રાયોગિક પરીક્ષાને લઈ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને આગામી દિવસોમાં હોલ ટિકીટ પણ ઓનલાઈન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થનારી આ પરીક્ષા ૨૭ ફેબ્રુઆરી સુધીમાં પુર્ણ કરવાનું આયોજન કરાયું છે. પરીક્ષા શરૂ થવાની સાથે જ સ્કૂલોએ વિદ્યાર્થીઓના ગુણ પણ બોર્ડને ઓનલાઈન મોકલી આપવાના રહેશે. પ્રાપ્ત માહિતી અનુસાર શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સના મહત્વના વિષયોની પ્રાયોગિક પરીક્ષા શિક્ષણ બોર્ડ દ્વારા જ લેવામાં આવતી હોય છે. આ વખતે આ પ્રાયોગિક પરીક્ષા ૧૯ ફેબ્રુઆરીથી ૨૭ ફેબ્રુઆરી દરમ્યાન લેવાની જાહેરાત કરવામાં આવી છે. બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલા કાર્યક્રમ અનુસાર જ ધોરણ-૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષા શરૂ કરવા માટે સ્કૂલોને સુચના આપવામાં આવી છે. જેના પગલે સ્કૂલોએ અત્યારથી જ પ્રાયોગીક પરીક્ષાને લઈને તૈયારીઓ શરૂ કરી દીધી હોવાનું જાણવા મળે છે. દરમ્યાન ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થનારી પ્રાયોગિક પરીક્ષા ૯ દિવસમાં પુર્ણ થશે અને સ્કૂલોમાં તબક્કાવાર વિદ્યાર્થીઓને બોલાવી પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષા માટે બોર્ડ દ્વારા તમામ વિદ્યાર્થીઓની હોલ ટિકીટ ઓનલાઈન જ અપલોડ કરવામાં આવશે. જેથી સ્કૂલોએ બોર્ડની વેબસાઈટ ઉપરથી હોલ ટિકીટ ડાઉનલોડ કરી વિદ્યાર્થીઓને આપવાની રહેશે. બોર્ડ દ્વારા સાયન્સની પ્રાયોગિક પરીક્ષાને લઈને તમામ કેન્દ્રો ઉપર ચાંપતી નજર રાખવાનું આયોજન કરાયું છે. આ પરીક્ષા માટે પ્રશ્નપત્રો બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવનાર છે. ઉપરાંત સ્કૂલોમાં ગેરરિતી ન થાય તે માટે પણ બોર્ડ દ્વારા જિલ્લા કક્ષાએ ખાસ વોચ રાખવા માટે ટીમોને સુચના આપી હોવાનું પણ જાણવા મળે છે. જેથી સાયન્સની પ્રાયોગિક પરીક્ષામાં સ્કૂલો દ્વારા ચલાવવામાં આવતી પોલંપોલ ઉપર બ્રેક વાગશે. ધોરણ-૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષાની સાથે જ વિદ્યાર્થીઓના ગુણ પણ બોર્ડને મોકલવાની કાર્યવાહી ૧૯ ફેબ્રુઆરીથી જ શરૂ કરવાનું નક્કી કરાયું હોવાનું જાણવા મળે છે. જેથી સ્કૂલોએ પરીક્ષાનું આયોજન કર્યા બાદ રોજેરોજે જ વિદ્યાર્થીઓના ગુણ બોર્ડને મોકલી આપવાના રહેશે. સાયન્સની પ્રાયોગીક પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીના રોજ પુર્ણ થશે.

## સતત બીજા વર્ષે ગુજરાતનો ટેબ્લો પીપલ્સ ચોઈસમાં ટોપ

# ૭૫મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં ગુજરાતના ટેબ્લોને મળ્યું પ્રથમ સ્થાન

ગાંધીનગર, તા.૨

નવી દિલ્હીમાં ૭૫મા ગણતંત્ર દિવસે કર્તવ્ય પથ ઉપર પ્રસ્તુત થયેલી ગુજરાતની સાંસ્કૃતિક અને પ્રવાસન વિરાસત ઝાંખી સતત બીજા વર્ષે પણ દેશની જનતાની પ્રથમ પસંદગી બની છે. ૭૫મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં "ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ-NWTO" ના ગુજરાતના ટેબ્લોને બે એવોર્ડ મેળવવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. પરેડમાં રજૂ થયેલા ટેબ્લોઝમાં ગુજરાતનો ટેબ્લો સતત બીજા વર્ષે "પીપલ્સ ચોઈસ એવોર્ડ"માં અવ્વલ ક્રમે રહ્યો છે. વિજેતા પસંદગી સમિતિની જ્યુરી મેમ્બર્સ ચોઈસમાં ગુજરાતે અગ્રેસરતા મેળવી છે. 'MyGov Platform' દ્વારા ટેબ્લોઝની શ્રેષ્ઠતા પસંદગી માટે દેશની જનતા પાસેથી ઓનલાઈન વોટિંગ-પીપલ્સ ચોઈસ એવોર્ડ કેટેગરીમાં સૌથી વધુ ૩૨ ટકા વોટ શેર સાથે ગુજરાતનો ટેબ્લો પ્રથમ ક્રમે રહ્યું છે. ૨૦૦૮માં જ્યુરી મેમ્બર્સ ચોઈસ એવોર્ડમાં સ્થાન મેળવ્યા પછી ફરીવાર આ વર્ષ ૨૦૨૪માં ગુજરાતનો ટેબ્લો જ્યુરી મેમ્બર્સની સેકેન્ડ ચોઈસ બન્યો. આ ગૌરવ સન્માન માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અભિનંદન પાઠવ્યા અને જનતા જનાર્દનનો આભાર માન્યો છે. અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, ૨૦૨૨થી ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયે "My Gov platform" મારફતે દેશની આમ જનતા પાસેથી મત મેળવીને પરેડમાં ભાગ લેનારી સૈન્ય ટુકડીમાંથી શ્રેષ્ઠ ટુકડી અને રાજ્યો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલી સાંસ્કૃતિક ઝાંખીમાંથી શ્રેષ્ઠ ઝાંખી પસંદ કરી "પીપલ્સ ચોઈસ એવોર્ડ" આપવાનો પ્રારંભ કર્યો છે. આ હેતુસર નાગરિકો પાસે ઓનલાઈન વોટિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. તદઅનુસાર, આ વર્ષે ૨૬ થી ૨૮ જાન્યુઆરી દરમ્યાનની ઓનલાઈન વોટિંગની પ્રક્રિયામાં કુલ વોટ્સ પૈકી સૌથી વધુ ૩૨ ટકા વોટ્સ ગુજરાતની ઝાંખીને પ્રાપ્ત થયા હતા અને ગુજરાતનો ટેબ્લો પીપલ્સ ચોઈસ એવોર્ડ કેટેગરીમાં સતત બીજા વર્ષે અગ્રિમ વિજેતા જાહેર થયો છે. ગયા વર્ષે પણ ગુજરાતનો ટેબ્લો પીપલ્સ ચોઈસ એવોર્ડમાં પ્રથમ ક્રમે રહ્યો હતો. આ ઉપરાંત એવોર્ડ પસંદગી સમિતિ-જ્યુરીની પણ સેકન્ડ ચોઈસ બનવાનું ગૌરવ ગુજરાતના ટેબ્લોએ હાંસલ કર્યુ છે. વર્ષ ૨૦૦૮માં ગુજરાતના ટેબ્લોને જ્યુરી ચોઈસમાં સ્થાન મળ્યા પછી ફરી એકવાર આ વર્ષ એટલે કે ૨૦૨૪ના પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં રજૂ થયેલા ગુજરાતના ટેબ્લોને જ્યુરી ચોઈસમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના ટેબ્લોને વિજેતા બનાવવા બદલ સૌનો આભાર માનતા કહ્યું કે, કચ્છ સહિત ગુજરાતના પ્રત્યેક નાગરિકની આ જીત છે, પ્રવાસન અને સાંસ્કૃતિક વિરાસત ક્ષેત્રે ગુજરાતની આ આગવી સિદ્ધિ છે. આ પ્રતિષ્ઠિત એવોર્ડ નવી દિલ્હીમાં ૨૯ જાન્યુઆરીએ આયોજિત એવોર્ડ વિતરણ સમારોહમાં ભારત સરકારના રક્ષા અને પ્રવાસન રાજ્યમંત્રી અજય ભટ્ટના હસ્તે ગુજરાતના માહિતી અને પ્રસારણ સચિવ તેમજ મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘે આ એવોર્ડ માહિતી નિયામક ધીરજ પારેખ સાથે સ્વીકાર્યો હતો. ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રસ્તુત આ ઝાંખીના નિર્માણમાં માહિતી અને પ્રસારણ સચિવ અવંતિકા સિંઘ, માહિતી નિયામક ધીરજ પારેખ, અધિક નિયામક અરવિંદ પટેલના માર્ગદર્શનમા માહિતીની ટીમનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું હતું.

## ૩૦ વર્ષ કરતા વધુ સમયની નોકરી પછી પણ નજીવા ફિક્સ પગારમાં કામ કરે છે

# ખંડ સમયના અધ્યાપકોના પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો આંદોલનની ચીમકી

ગાંધીનગર, તા.૨

ગુજરાત રાજ્યની જુદીજુદી ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં ફરજ બજાવતા લગભગ ૧૦૦ જેટલા નોન પી.એચ.ડી. ખંડસમયના પ્રાધ્યાપકોએ શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલ તેમજ શિક્ષણ સચિવ અને ઉચ્ચ શિક્ષણ કમિશનર તથા અન્ય ઉચ્ચ સત્તામંડળને આજે રજૂઆત કરી હતી. વારંવારની રજૂઆત છતાં માંગણી ન સ્વીકારાતા આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી. તેઓએ રજૂઆતમાં જણાવ્યું હતું કે ભારત સરકાર, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)ના ડિસેમ્બર ૧૯૯૮ના પરિપત્ર દ્વારા દરેક યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર અને દરેક રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોના શિક્ષણ સચિવ તા.૧-૧-૧૯૯૬ની અસરથી પગાર સુધારણા કરવા જણાવવામાં આવેલ છે અને તેની સાથે જોડાણ થઈ આવેલ 5thપેકમિશનના જાહેરનામાનો સ્વીકાર રાજ્ય સરકાર દ્વારા કરેલ છે. આ જ જાહેરનામાના મુદ્દા નં.૧૨માં ખંડસમયના પ્રાધ્યાપકો માટે પગાર ભથ્થાનો ઉલ્લેખ છે. વધુમાં તેમાં પે-કમિશન આખું સ્વીકારી ફુલટાઈમ પ્રાધ્યાપક માટે 5thપે-કમિશન સ્વીકાર્યું અને તે પછીના તમામ પેકમિશન સ્વીકાર્યા છે. માત્ર 5thપે-કમિશનમાં ખંડ સમયના પ્રાધ્યાપકોને કરવાનો થતો પ્રપોશનેટ પગાર વધારો જ ગુજરાત સરકાર દ્વારા ન સ્વીકારી અન્યાય/શોષણ કરેલ છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા વર્ષ ૨૦૧૫માં આવેલ ખંડ સમયના પ્રાધ્યાપાકોને કાર્યભાર મુજબ પૂર્ણ સમયના પ્રાધ્યાપકોના પગારને ધ્યાને લઈ પ્રમાણસર (પ્રપોશનેટ) પગાર આપવાનો ચુકાદો આપવામાં આવ્યો હતો. જેની સામે શિક્ષણ વિભાગ દ્વારા એલ.પી.એ. કરવામાં આવેલ જેમાં સાત (૭) વર્ષમાં લગભગ ૧૦૦ જેટલી મુદ્દત પડેલ છે. આટલા નાના વર્ગ સામે સરકાર ડિવીઝન બેંચમાં ગઈ. આટલા સમયમાં ઘણા ખંડ સમયના પ્રાધ્યાપકો નિવૃત્ત થયેલ છે. ઘણા મૃત્યુ પામ્યા, બાકી રહેલા નિવૃત્તિ થવાના આરે છે. હાલમાં બાકી રહેલા નોન પી.એચ.ડી. ખંડ સમયના પ્રાધ્યાપકો ૩૦ વર્ષ કરતા વધુ સમયની સળંગ નોકરી પછી પણ રૂા.૮૫૦૦/-થી રૂા.૨૫,૫૦૦/- જેટલા નજીવા ફિક્સ પગારથી કાર્ય કરી રહ્યા છે જે પટાવાળાના પગાર કરતા પણ ઘણો ઓછો છે. જેથી ખંડ સમયના પ્રાધ્યાપકોને હાઈકોર્ટના ચુકાદાનો અમલ કરી પ્રપોશનેટ (પ્રમાણસર) પગાર આપવા માંગણી કરાઈ છે. સરકારે અગાઉ ૨૦૧૭માં નિર્ણય કર્યો હતો કે ખંડ સમયના પ્રાધ્યાપકોને મેરીટ અને સિનિયોરિટીના આધારે કાયમી પૂર્ણ સમયના કરવામાં આવશે. પરંતુ તેનો અમલ કરવામાં આવેલ નથી. ત્યારે હવે વારંવારની રજૂઆત છતાં ઉકેલ ન આવતા હવે જો તા.૦૫/૦૨/૨૦૨૪ સુધી જો પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો નાછૂટકે ખંડ સમયના અધ્યાપકો ૬ ફેબ્રુઆરીથી ગાંધી ચિંધ્યા માર્ગે રાજ્ય વ્યાપી આંદોલનની શરૂઆત કરશે. તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હોવાનું ખંડ સમયના અધ્યાપક મંડળ દ્વારા યાદીમાં જણાવાયું છે.

# શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦-૧૨ના ફોર્મ ઓફલાઈન સ્વીકારવામાં આવશે

અમદાવાદ, તા.૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ફોર્મ ભરવાની વંચિત રહેલા વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન ફોર્મ સ્વિકારવામાં આવશે. આ માટે મંગળવારથી ફોર્મ સ્વીકારવાની કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ પરીક્ષા માટે ૩ ફેબ્રુઆરી સુધી ઓફલાઈન ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ઓફલાઈન ફોર્મ ભરી રૂા.૧ હજાર લેઈટ ફી સાથે બોર્ડ કચેરી ખાતે રૂબરૂમાં જમા કરાવવાના રહેશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ-૨૦૨૪માં લેવામાં આવનારી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નિયમિત ફી સાથે ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ શિક્ષણ બોર્ડ દ્વારા લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવાનુ શરૂ કર્યુ હતું. ત્યારબાદ લેઈટ ફી સાથે પણ ફોર્મ સ્વિકારવાની મુદત પુર્ણ થયા બાદ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ફોર્મ સ્વિકારવાની કાર્યવાહી પુર્ણ કરવામાં આવી હતી. બોર્ડ દ્વારા ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી ત્યાં સુધી ધોરણ-૧૦ અને ૧૨ના કુલ ૧૫.૩૧ લાખ જેટલા વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા હતા. ફોર્મ ભરાયાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ પણ અમુક વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના બાકી રહી ગયા હોવાની વિગતો સામે આવી હતી. જેના પગલે શિક્ષણ બોર્ડ દ્વારા બાકી રહેલા વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન ફોર્મ સ્વિકારવાનું નક્કી કરાયું છે. શિક્ષણ બોર્ડ દ્વારા પરિપત્ર કરી સુચના આપી છે. જેમાં જણાવાયું છે કે, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની માર્ચ૨૦૨૪ની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી અને લેઈટ ફી સાથે ભરવાની છેલ્લી તારીખ પૂર્ણ થયા બાદ આવેદનપત્ર ભરવાથી વંચિત રહી ગયેલા ઉમેદવારોના આવેદનપત્રો બોર્ડ દ્વારા મંગળવારથી સ્વીકારવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ૩ ફેબ્રુઆરી સુધી વિદ્યાર્થીઓના ફોર્મ ઓફલાઈન કચેરી સમય દરમ્યાન સ્વીકારવા માટેની વ્યવસ્થા કરવામાં આવેલી છે. ધોરણ-૧૦ના નિયમત વિદ્યાર્થીઓએ રૂા.૩૯૦ ફી ઉપરાંત રૂા. ૧ હજાર લેઈટ ફી ભરવાની રહેશે. જ્યારે ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓએ રૂા.૬૬૫ ફી અને રૂા.૧ હજાર લેઈટ ફી તથા ધોરણ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓએ રૂા.૫૪૦ ફી અને રૂા.૧ હજાર લેઈટ ફી ભરવાની રહેશે.

## જિયો અને એરટેલ સાથે થશે સીધી ટક્કર

# ભારતમાં જલ્દી થશે એલોન મસ્કની એન્ટ્રી

નવી દિલ્હી, તા.૨

ટેસ્લાના માલિક અને વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલન મસ્ક ટૂંક સમયમાં ભારતમાં એન્ટ્રી કરવા જઈ રહ્યા છે. જો કે, આ એન્ટ્રી ટેસ્લા મારફતે નહીં પરંતુ સેટેલાઈટ ઈન્ટરનેટ કંપની સ્ટારલિંક મારફતે થશે. એવું માનવામાં આવે છે કે, સ્ટારલિંકને ટૂંક સમયમાં નિયમનકારી મંજૂરી મળવા જઈ રહી છે. આ માટેની તપાસ અંતિમ તબક્કામાં છે. લાયસન્સ મળતાની સાથે જ કંપની ભારતમાં કામ શરૂ કરશે. સ્ટારલિંકના આવવાથી ગ્રામીણ વિસ્તારોમાં કનેક્ટિવિટીની સ્થિતિમાં સુધારો થઈ શકે છે. મનીકંટ્રોલ રિપોર્ટ અનુસાર, એલન મસ્કની સ્ટારલિંક ડિપાર્ટમેન્ટ ઓફ પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ સમક્ષ તેની શેરહોલ્ડિંગ પેટર્ન વિશે માહિતી આપવા જઈ રહી છે. આ પછી તેને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ તરફથી ઓપરેટિંગ સર્ટિફિકેટ મળશે. અહેવાલ મુજબ આ પછી દૂરસંચાર વિભાગ દ્વારા ટેલિકોમ સચિવ નીરજ મિત્તલ અને સંચાર મંત્રી અશ્વિની વૈષ્ણવને એક પત્ર મોકલવામાં આવશે. મંત્રાલયની મંજૂરી મળ્યા પછી સેટેલાઈટ કોમ્યુનિકેશન્સ વિંગ દ્વારા સ્ટારલિંકને મંજૂરી પત્ર આપવામાં આવશે. સ્ટારલિંકે ૨૦૨૨માં તેના ગ્લોબલ મોબાઈલ પર્સનલ કોમ્યુનિકેશન્સ બાય સેટેલાઈટ સર્વિસિસ લાયસન્સ માટે અરજી કરી હતી. મંજૂરી મળ્યા પછી તે OneWeb y™u Reliance Jio પછી આ લાયસન્સ મેળવનારી ત્રીજી કંપની બની જશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સ્ટારલિંક ગ્રાહકોને ૨૫થી ૨૨૦ Mbps સુધીની ડાઉનલોડ સ્પીડ આપશે. કંપની દ્વારા દાવો કરવામાં આવે છે કે, તેમની અપલોડ સ્પીડ લગભગ પાંચથી 20 Mbps છે. સ્ટારલિંક વેબસાઈટ દાવો કરે છે કે, મોટાભાગના ગ્રાહકો 100 Mbpsથી વધુની ડાઉનલોડ સ્પીડનો આનંદ માણી રહ્યા છે. હાલમાં ભારતના અંતરિયાળ વિસ્તારોમાં ટાવર્સના ઓપ્ટિકલ ફાઈબર દ્વારા આટલી ઝડપ મેળવવી મુશ્કેલ છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, સ્ટારલિંક સેટેલાઈટ દ્વારા ઈન્ટરનેટ પ્રદાન કરે છે, તેથી તે 5Gને બદલે 4G સ્પીડ પ્રદાન કરવામાં સક્ષમ હશે. સ્ટારલિંકે હાલમાં ભારતના દરો નક્કી કર્યા નથી. પરંતુ રિપોર્ટ અનુસાર, કંપનીના ભૂતપૂર્વ ઈન્ડિયા હેડના જણાવ્યા અનુસાર, તેની કિંમત પહેલા વર્ષમાં લગભગ ૧.૫૮ લાખ રૂપિયા અને બીજા વર્ષે ૧.૧૫ લાખ રૂપિયા હોઈ શકે છે. તેના ઉપર ૩૦ ટકા ટેક્સ પણ ભરવો પડશે.

# એકસાથે ચૂંટણી યોજવા માટે રચાયેલી ઉચ્ચસ્તરીય સમિતિની ચોથી બેઠક આયોજિત કરવામાં આવી

નવી દિલ્હી, તા.૨

કેન્દ્ર સરકાર રાજ્ય અને મ્યુનિસિપલ સ્તરે એકસાથે ચૂંટણીઓ યોજવા ઉપર ઉચ્ચ સ્તરીય સમિતિના વડા પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પૂર્વ ન્યાયાધીશો સહિત અગ્રણી વકીલો સાથે પરામર્શ કર્યો છે. જેમની સાથે તેમણે પરામર્શ કરવામાં આવ્યો છે તેમાં જસ્ટિસ યુ.યુ. લલિત, ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સંજીબ બેનરજી, મદ્રાસ હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ તેમજ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન મનન કુમાર મિશ્રાનો સમાવેશ થાય છે. કોવિંદ ગોવાના મહારાષ્ટ્રવાદી ગોમંતક પાર્ટીના પ્રમુખ દીપક પાંડુરંગ ધાવલીકરને પણ મળ્યા હતા. મોટાભાગના રાજકીય પક્ષો આ દરખાસ્તના સમર્થનમાં નથી. છ રાષ્ટ્રીય પક્ષો, ૩૩ રાજ્ય પક્ષો અને સાત રજિસ્ટર્ડ બિન-માન્ય પક્ષોને ઔપચારિક રીતે પત્ર લખવામાં આવ્યા છે અને ટિપ્પણીઓ આપવા માટે કહેવામા આવ્યું છે. કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી'ને બંધારણના મૂળભૂત માળખાની વિરૂદ્ધ બિનલોકશાહી વિચાર હતો. તેમણે કહ્યું કે આ અંગેની પેનલને વિખેરી નાખવી જોઈએ અને આ વિચારને છોડી દેવો જોઈએ. ઉચ્ચ સ્તરીય સમિતિની ચોથી બેઠક શનિવારે ૨૭ જાન્યુઆરીએ યોજાઈ હતી. આ સમિતિમાં વિપક્ષનો કોઈ પ્રતિનિધિ નથી કોંગ્રેસના નેતા અને સાંસદ અધીરરંજન ચૌધરીએ કાર્યવાહીમાં ભાગ લેવાનો ઈન્કાર કર્યો હતો. ગયા વર્ષે નવેમ્બરમાં કોવિંદે કહ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સ્તરે એકસાથે ચૂંટણી યોજવી રાષ્ટ્રીય હિતમાં છે. ૨૧ નવેમ્બર, ૨૦૨૩ના રોજ ચૌધરીએ તેને "પાર્ટી એજન્ડા" ગણાવ્યો હતો. જાહેર સૂચના દ્વારા ઉચ્ચ- સ્તરીય સમિતિએ સૂચનો મંગાવ્યા હતા અને કહ્યું હતું કે ૧૫ જાન્યુઆરી સુધીમાં પ્રાપ્ત થયેલા સૂચનો પર વિચારણા કરવામાં આવશે. કોંગ્રેસના પૂર્વ નેતા ગુલામ નબી આઝાદ, એન.કે. સિંઘ, ૧૫મા નાણાં પંચના પૂર્વ અધ્યક્ષ, સુભાષ સી. કશ્યપ, પૂર્વ લોકસભા મહાસચિવ, સંજય કોઠારી, પૂર્વ મુખ્ય તકેદારી કમિશનર અને હરીશ સાલ્વેએ બેઠકમાં હાજરી આપી હતી. આ સમિતિએ હિસ્સેદારો સાથે વાતચીતની પ્રક્રિયા ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો. 'ખર્ચમાં થનારી બચત'ની આર્થિક દલીલ અંગે કોંગ્રેસ દ્વારા પહેલેથી જ ટીકા કરવામાં આવી છે. ખડગેએ સમિતિને લખેલા તેમના પત્રમાં કહ્યું હતું કે, ECIએ VVPAT મશીનો સાથે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીઓ યોજવા માટે આશરે રૂા. ૩,૮૭૦ કરોડના ખર્ચ થશે પાંચ વર્ષમાં એકવાર ચૂંટણીઓ યોજવામાં આવે છે તે ધ્યાનમાં લેતા આ ખર્ચ અગાઉના પાંચ વર્ષ માટેના કુલ યુનિયન બજેટના ૦.૦૨% કરતા ઓછો છે. જ્યારે રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓ અલગથી યોજવામાં આવે છે ત્યારે ચૂંટણીનો ખર્ચ રાજ્યો દ્વારા કરવામાં આવે છે.

# અદાણી પોર્ટસ અને સેઝના કર બાદના નફામાં વાર્ષિક ધોરણે ૬૫%નો ઉછાળો



અમદાવાદ તા. ૨

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ. ("APSEZ") એ ૩૧ ડિસેમ્બર,૨૦૨૩ના રોજ પૂરા થતા ક્વાર્ટર અને નવ મહિનાના તેના પરિણામો આજે જાહેર કર્યા છે.

APSEZ ના સી.ઈ.ઓ. શ્રી અશ્વની ગુપ્તાએ જણાવ્યું હતું કે,અમારા પ્રથમ બંદર, મુન્દ્રાએ જે વર્ષે કામગીરીના ૨૫ વર્ષ પૂરા કર્યા ત્યારથી APSEZ એ ક્વાર્ટર ૩ અને નવ માસમાં સૌથી વધુ આવક, EBITDA અને કાર્ગો વોલ્યુમ સાથે તેનું અત્યાર સુધીનું સૌથી મજબૂત પ્રદર્શન હાંસલ કર્યું છે, અને સંપૂર્ણ વર્ષ માટે પૂરા પાડવામાં આવેલા માર્ગદર્શનને અનુરુપ સિધ્ધ કરવા માટેના માર્ગ પર છે.

વર્ષની શરૂઆતથી આ પ્રદર્શન ઓપરેટિંગ કાર્યક્ષમતા વધારવા અને ઉદ્યોગના અગ્રણી પોર્ટ ઓપરેટર રહેવાના અમારા સતત પ્રયાસોનો પુરાવો છે.

કામકાજની ગતીવિધી

● APSEZએ અત્યાર સુધીનું સૌથી વધુ ત્રિમાસિક કાર્ગો વોલ્યુમ ૧૦૮.૬ મિલિયન મેટ્રીક ટન હાંસલ કર્યું

● ઓક્ટોબર ૨૩માં અમારા મુખ્ય મુન્દ્રા બંદર અને નવેમ્બર-૨૩માં AICTPL (CT-3)એકોઈપણ ભારતીય બંદર કરતા સૌથી વધુ માસિક કન્ટેનર વોલ્યુમ નોંધાવ્યું છે

● APSEZએ વાર્ષિક ધોરણે નાણાકીય વર્ષ-૨૩માં ૩૨૯ દિવસની તુલનામાં ૨૬૬ દિવસમાં ૩૦૦ નું મહત્ત્વનું સિમાચિહ્ન હાંસલ કર્યું, નવ માસમાં (વાર્ષિક ૨૩%) એકંદર કાર્ગો વોલ્યુમ ૩૧૧ મિલિયન મેટ્રીક ટન હતું.

● ઘરેલું કાર્ગો વૃદ્ધિ ભારતના વિકાસ દર કરતાં ૨.૫ ગણી વધુ હતી, જે નવ મહિનામાં અમારા નવ સ્થાનિક બંદરો/ટર્મિનલ્સની તેની અત્યાર સુધીની સૌથી વધુ છે. વાર્ષિક ધોરણે ત્રિમાસિક રેલ વોલ્યુમ ૧૭% વધીને ૧૫૭,૯૦૪ TEU અને GPWIS વોલ્યુમ ૫૩% વધીને ૫.૨૯ મિલિયન મેટ્રીક ટન થયું

● APSEZ એ નવ માસમાં તેની અત્યાર સુધીનું સૌથી વધુ રેલ વોલ્યુમ (૨૨%) અને GPWIS વોલ્યુમ (૪૬%) નોંધાવ્યું.

નાણાકીય વિશેષતાઓ:

● વાર્ષિક ધોરણે ક્વાર્ટર દરમ્યાન કાર્ગો વોલ્યુમમાં ૪૪%નો વધારો થવાને કારણે નાણાકીય વર્ષ-૨૪ના ત્રીજા ક્વાર્ટરમાં આવક વાર્ષિક ૪૫% વધીને રૂા.૬,૯૨૦ કરોડ થઈ

● ઘરેલું પોર્ટ EBITDA માર્જિન લગભગ ૧૭૦ bps દ્વારા વિસ્તરણ, સુધારેલ કાર્યક્ષમતા અને ક્ષમતાના ઉચિત ઉપયોગ સાથે વાર્ષિક ધોરણે EBITDA માં ૫૯% વૃદ્ધિને રૂ.૪,૨૯૩ કરોડ તરફ દોરી.

● કાર્ગો વોલ્યુમની સ્વસ્થ વૃદ્ધિને કારણે ત્રિમાસિક દરમ્યાન કર બાદનો નફો (PAT) રૂ.૨,૨૦૮ કરોડ (વાર્ષિક ધોરણે ૬૫%) નોંધાયો. ચાલુ નાણાકીય વર્ષના નવ મહિના દરમ્યાન USD ૩૨૫ મિલિયનનું બોન્ડ બાય-બેક પૂર્ણ થયું, જે નાણાકીય વર્ષ-૨૩ માટે EBITDA (TTM ડિસેમ્બર'૨૩ માટે) ને ૩.૧x સામે ૨.૫૮ સુધીના નેટ ડેટમાં સુધારો થવા તરફ દોરે છે.

# અદાણી એન્ટરપ્રાઈઝ લિ.ના નાણા વર્ષ-૨૪ના ત્રીજા ક્વાર્ટર અને નવ માસના પરિણામો જાહેર

**નવ માસમાં એકીકૃત EBIDTA ૫૮% વધીને રૂ૯,૫૯૨ કરોડ કોર ઈન્ફ્રા ઈક્યુબેટિંગ વ્યવસાયોનો EBIDTA ૧૦૫% વધીને રૂા. ૪,૩૩૯ કરોડસાથે હવે કુલ EBIDTAનોફાળો ૪૫%**

અમદાવાદ તા.૨

અદાણી સમૂહના એક અંગ અદાણી એન્ટરપ્રાઈઝ લિ. (AEL) એ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર અને નવ મહિનાના તેના પરિણામો આજે જાહેર કર્યા છે.

આ સમય દરમ્યાન AEL ની ઈક્યુબેશન પાઈપલાઈન હેઠળ ઉભરી રહેલા મુખ્ય ઈન્ફ્રા વ્યવસાયોએ કામગીરીમાં મજબૂત પ્રદર્શન કર્યું છે અને ચાલુ નાણાકીય વર્ષના ગત નવ મહિના દરમ્યાન વૃદ્ધિની સફરમાં નોંધપાત્ર યોગદાનને સતત પ્રતિબિંબિત કર્યું છે. ગ્રીન હાઈડ્રોજન ઈકોસિસ્ટમ, એરપોર્ટ અને રસ્તાઓને આવરી લેતા કંપનીના ઈક્યુબેટિંગ વ્યવસાયોએ EBITDAમાં એકંદરે ૪૫% યોગદાન આપ્યું છે.

અદાણી ઉદ્યોગ સમૂહના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, અદાણી એન્ટરપ્રાઈઝીસનો ચાલુ વર્ષનું ત્રીજું ક્વાર્ટર મજબૂત ઉત્સાહપ્રેરક રહ્યું છે, જેમાં અમારા બે મુખ્ય ઈક્યુબેટિંગ વ્યવસાયોએ સરસ વેગ પકડ્યો છે.

તકોને ખિલવવાની તકો પૂરી પાડતા આ વ્યવસાયો માત્ર અભૂતપૂર્વ જ નથી પરંતુ તે અમને સ્વચ્છ, ટકાઉ અને પોસાય તેવી વૈકલ્પિક ઉર્જાના અગ્રણી સ્રોત તરીકે મજબૂત રીતે સ્થાન આપવા માટે મોકળાશ આપે છે એમ તેમણે ઉમેર્યું હતું.

# અમદાવાદ - હડમતીયા (ગીર) બસને કોડીનાર સુધી લંબાવવા માંગ કરાઈ

**આ બસ કોડીનાર સુધી લંબાવવાથી સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાંચી સહિત બે તાલુકાના લોકોને લાભ થશે**

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨

અમદાવાદ એસટી વિભાગના ચંડોળા ડેપો દ્વારા કૃષ્ણનગર હડમતીયા(ગીર) બસ વાયા ચોટીલા જૂનાગઢ, મેંદરડા, સાસણ, તાલાળા, આંકોલવાડી નવી સ્લિપર બસ સેવા શરૂ કરવામાં આવી છે. આ બસ સેવા શરૂ થતાં આંકોલવાડી આસપાસના પંદરેક જેટલા ગામોને ચોટીલા અમદાવાદ જવા માટે સીધી બસ સેવા ઉપલબ્ધ થઈ છે. આ બસ સેવા કાયમી ધોરણે સારી આવક સાથે શરૂ રહે તે માટે આ બસ સેવાને કોડીનાર સુધી લંબાવવા માટે કોડીનારના સામાજીક કાર્યકર અજીતભાઈ ચાવડાએ એસટી વિભાગને પત્ર લખી માંગ કરી છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે આ બસ સેવાને કોડીનાર લંબાવવાથી સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાંચીને અમદાવાદ જવા માટે એસટીની એક પણ બસની સુવિધા ઉપલબ્ધ નથી તે ઉપલબ્ધ થશે. આ ઉપરાંત કોડીનારથી અમદાવાદ માટે ગાંધીનગર રૂટની બસમાં જગ્યા મળતી નથી એ તકલીફ પણ દૂર થશે. તાલાળા ઉપરાંત સુત્રાપાડા તથા કોડીનાર એમ બે તાલુકાના પંદરથી વધુ ગામડાની પ્રજાને સુવિધા વધશે. સાથો સાથ કોડીનારથી આ બસ ઉપડવાનો સમય રાત્રે આઠ કલાક રાખવા માંગણી કરેલ છે.

## ઔદ્યોગિક તાલીમ સંસ્થા કેશોદ દ્વારા ટુંકાગાળાનાં કોર્ષ શરૂ થશે

જૂનાગઢ, તા.૨

રોજગાર અને તાલીમ વિભાગ ગાંધીનગરનાં નિયંત્રણ હેઠળ કાર્યરત ઔદ્યોગિક તાલીમ સંસ્થા કેશોદ ખાતે પ્રધાનમંત્રી કૌશલ્ય વીકાસ યોજના અંતર્ગત ટુંકા ગાળાનાં કોર્ષ જેમ કે સોલાર લાઈટીંગ એસેમ્બલર, સોલાર પીવી પ્રોજેક્ટ હેલ્પર શરૂ થનાર હોય તે માટે પ્રવેશ મેળવવા મા;ગતા ઉમેદવારોએ કેશોદ આઈ.ટી.આઈ. ખાતે રૂબરૂ સંપર્ક કરવો તેમ આચાર્યશ્રી ઔદ્યોગિક તાલીમ સંસ્થા કેશોદની યાદીમાં જણાવાયુ છે.

# રક્તપિત્ત નાબૂદીના પંથે ગીર સોમનાથ જિલ્લો

**વેરાવળ, કોડીનાર અને ઉના તાલુકાની ૪ લાખથી વધુ વસ્તીનો કરાયો સર્વે ઊના-કોડીનારમાં ૫ દર્દીઓ શંકાસ્પદ જણાતા સારવાર શરૂ**

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા. ૨

રક્તપિત્ત નાબૂદી માટે ગીર સોમનાથ જિલ્લાનો આરોગ્ય વિભાગ ખડેપગે કામગીરી કરી રહ્યું છે. ગીર સોમનાથ જિલ્લામાં રક્તપિત્ત નાબૂદી માટે જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શનમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એ.એસ. રોયની સૂચનાથી ઊના, કોડીનાર અને વેરાવળ એમ ત્રણ તાલુકાઓમાં રક્તપિત્ત દર્દી શોધ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં ૪ લાખથી વધુ વસ્તીનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાંથી માત્ર પાંચ દર્દીઓ જ પોઝિટિવ જણાયા હતા.

આ પાંચેય દર્દીઓને સરકારી હોસ્પિટલમાં વિનામૂલ્યે તમામ સારવાર સાથે જ દર મહિને રૂા.૮૦૦ની તબીબી સહાય પણ આપવામાં આવે છે. ગીર સોમનાથ જિલ્લાના રક્તપિત્ત અધિકારી ડો.શીતલ રામે આ અંગે જણાવ્યું હતું કે, 'જિલ્લામાં રક્તપિત્ત નાબૂદી માટે ઊના, કોડીનાર અને વેરાવળ તાલુકામાં દર્દીઓને શોધવા માટે સર્વે શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં ત્રણ તાલુકાની ૪,૦૧,૩૯૯ વસ્તીનો સર્વે કરાયો હતો. જેમાં ૪૧૮ જેટલા



દર્દીઓ શંકાસ્પદ જણાયા હતા પરંતુ તેમાંથી માત્ર પાંચ દર્દી કે જેમાંથી ઊના તાલુકાના ૪ અને કોડીનારનો ૧ દર્દી પોઝિટિવ આવતા તેમને સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે, રક્તપિત્ત રોગથી ગભરાવવાની જરૂર નથી. નિયમિત સારવાર અને તકેદારી રાખવામાં આવે તો રક્તપિત્ત માત્ર ૬ મહિનાની સારવારમાં નાબૂદ થઈ શકે છે. જિલ્લામાં કોઈપણ દર્દીઓને રક્તપિત્ત રોગ અંગે જાણકારી મળે તો નજીકના સરકારી દવાખાનામાં નિદાન અને મફત સારવાર કરાવી શકે છે. જેથી જિલ્લાને રક્તપિત્તના રોગમાંથી મુક્ત કરી શકીએ.

## લોઢવા ગામનું ગૌરવ વધારતા ભાવેશ ચુડાસમા, એમટેકમાં ગોલ્ડ મેડલ મેળવ્યો



(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૨

સુત્રાપાડા તાલુકાના લોઢવા ગામના વતની ચુડાસમા ભીમાભાઈ રાણાભાઈનો પુત્ર ભાવેશભાઈ અંડર ગવર્મેન્ટ એન્જીનીયરીંગ કોલેજ મોરબી ખાતે અભ્યાસ કરે છે. હાલમાં લેવાયેલ માસ્ટર ડીગ્રી એમ.ટેક.ની પરીક્ષામાં ગોલ્ડ મેડાલીસ્ટ બનીને લોઢવા ગામ તથા કોળી સમાજનું ગૌરવ વધારેલ છે.

## કોડીનાર પોલીસે સ્થાનિકોના ખોવાઈ ગયેલા ૬ મોબાઈલ શોધી મૂળ માલિકોને પરત કર્યા

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨

જૂનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક જાંજડીયા અને પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા વિભાગીય મદદનીશ પોલીસ અધિક્ષક ઉના જીતેન્દ્ર અગ્રવાલ દ્વારા જાહેર જનતાના મોબાઈલો ગુમ થવાના કે, પડી જવાના અથવા ખોવાય જવાના બનાવો બનતા હોય જે અંગે જરૂરી કાર્યવાહી કરવાની સુચના આધારે કોડીનાર પોલીસ ઈન્સ. આર.એ.ભોજાણીના માર્ગદર્શન હેઠળ કોડીનાર પોલીસે ટીમવર્કથી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી અરજદારોના ખોવાય ગયેલ કે, પડી ગયેલ કે, ગુમ થયેલ અલગ અલગ કંપનીઓના મોબાઈલ ફોન નંગ-૬ આશરે કિંમત રૂા.૧,૩૫,૪૭૭/- ના શોધી કાઢી સદર મોબાઈલ ફોન જે તે સ્થિતીમાં પરત સોંપતા લોકોએ રાહતની લાગણી અનુભવી હતી અને પોલીસની આ પ્રશંસનીય કામગીરી બદલ આભાર માન્યો હતો.

# માલદીવની જેપીના નેતા કાસિમ ઈબ્રાહિમે રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુને પીએમ મોદી અને ભારતના લોકોની માફી માંગવા કહ્યું



નવી દિલ્હી તા.૨

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુને ભારતનો વિરોધ કરવા બદલ પોતાના જ દેશમાં વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. વિપક્ષી પાર્ટીના નેતાઓ સતત તેમની ટીકા કરી રહ્યા છે. માલદીવની જમ્હૂરી પાર્ટી (જેપી)ના નેતા કાસિમ ઈબ્રાહિમે રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુને ભારતીય પીએમ મોદી અને ભારતના લોકોની માફી માંગવા કહ્યું છે. માલદીવના વિપક્ષી નેતા કાસિમ ઈબ્રાહિમનું કહેવું છે કે કોઈ પણ દેશ, ખાસ કરીને તમારા પાડોશી દેશો વિશે આવા નિવેદનો ન કરવા જોઈએ. તેમણે કહ્યું કે આવી બાબતોથી બંને દેશો વચ્ચે તણાવ વધે છે અને સંબંધો બગડે છે. તેમણે કહ્યું કે તેઓ રાષ્ટ્રપતિ મુઈઝુને ભારતના લોકો અને ત્યાંના વડાપ્રધાનની ઔપચારિક રીતે માફી માંગવી માંગવી જોઈએ. બીજી તરફ રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ સામે મહાભિયોગ ચલાવવાની યોજના પણ બનાવવામાં આવી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે માલદીવની સંસદમાં સૌથી મોટી મુખ્ય વિપક્ષી પાર્ટી એમડીપી રાષ્ટ્રપતિ મુઈઝુ સામે મહાભિયોગ પ્રસ્તાવ રજૂ કરવાની યોજના બનાવી રહી છે. આવી સ્થિતિમાં મુઈઝુની સરકાર પડવાની સંભાવના છે, તેમની સરકાર જોખમમાં છે. થોડા દિવસો પહેલા પત્રકારોને સંબોધિત કરતી વખતે વિપક્ષી નેતાઓએ કહ્યું હતું કે દેશની સરકારોએ માલદીવના નાગરિકોની ભલાઈ અને કલ્યાણ માટે કામ કરવું જોઈએ. સરકારે તમામ વિકાસ ભાગીદારો સાથે મળીને કામ કરવું જોઈએ. અત્યાર સુધી માલદીવ આવું જ કરી રહ્યું છે. તમને જણાવી દઈએ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા વર્ષે ડિસેમ્બરમાં લક્ષદ્વીપની મુલાકાત લીધી હતી. આ દરમિયાન પીએમએ લક્ષદ્વીપને માલદીવ જેવું સુંદર સ્થળ ગણાવ્યું હતું અને પ્રવાસીઓને લક્ષદ્વીપની મુલાકાત લેવાની અપીલ કરી હતી. પીએમએ તેમના સોશિયલ મીડિયા પર સી આઈલેન્ડની કેટલીક તસવીરો પણ શેર કરી હતી. પીએમના આ ટ્વીટ બાદ માલદીવ સરકારના મંત્રીઓએ પીએમ અને ભારત વિશે વાંધાજનક ટિપ્પણી કરી હતી. જે બાદ ભારે હોબાળો થયો હતો. આ પછી ભારત અને માલદીવ વચ્ચેના સંબંધો સતત બગડતા ગયા. મંત્રીઓ સામે કાર્યવાહી કરતા માલદીવ સરકારે ત્રણેય મંત્રીઓને સસ્પેન્ડ કરી દીધા હતા. અહીં ભારતમાં લોકોએ સોશિયલ મીડિયા પર બોયકોટ ઓફ માલદીવ્સનું હેશટેગ શરૂ કર્યું. ત્યારથી રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ સતત વિપક્ષી નેતાઓના નિશાના પર છે. થોડા દિવસ પહેલા જ રાષ્ટ્રપતિએ માલદીવમાં હાજર ભારતીય સૈનિકોને હટાવવાનું કહ્યું છે, આ માટે તેમણે ભારતને માર્ચ સુધીનો સમય આપ્યો છે.

## આંગણવાડી કાર્યકરો, આશા વર્કરોને આયુષ્માન યોજનામાં સામેલ કરાશે

નવી દિલ્હી, તા.૨

મોદી સરકારે તેના બીજા કાર્યકાળના છેલ્લા બજેટમાં આયુષ્માન યોજનાનો વ્યાપ વધારવાની જાહેરાત કરી છે. લોકસભામાં બજેટ રજૂ કરતાં નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, "હવે આંગણવાડી કાર્યકરો, સહાયકો અને આશા વર્કરોને પણ આયુષ્માન યોજનામાં સામેલ કરવામાં આવશે. તેઓને પણ આ મફત સારવાર સુવિધાનો લાભ મળશે. દેશની મેડિકલ કોલેજોમાં પણ સુવિધાઓ વધારવામાં આવશે." જણાવી દઈએ કે આયુષ્માન યોજના હેઠળ પરિવારને દર વર્ષે ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા આપવામાં આવે છે.નાણામંત્રીએ કહ્યું, "સરકાર સર્વાઈકલ કેન્સરને રોકવા માટે રસીકરણ પણ લાવી છે.

કન્યાઓને સર્વાઈકલ કેન્સરની રસી વિનામૂલ્યે આપવામાં આવશે. આ ઉપરાંત નાણામંત્રીએ કહ્યું, "આંગણવાડી કેન્દ્રોનો પણ વિકાસ કરવામાં આવશે."મહિલા સશક્તિકરણ માટે નાણામંત્રીએ જાહેરાત કરી હતી કે, "આગામી પાંચ વર્ષમાં ૩ કરોડ લખપતિ દીદીઓ બનાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. તેઓને પણ આ મફત સારવાર સુવિધાનો લાભ મળશે, દેશની મેડિકલ કોલેજોમાં સુવિધાઓ વધારવામાં આવશે દેશમાં એક કરોડથી વધુ મહિલાઓ લખપતિ દીદી બની છે. સરકારનું આ પગલું ૯ કરોડ મહિલાઓના જીવનધોરણમાં પરિવર્તન લાવવા જઈ રહ્યું છે."આયુષ્માન યોજના હેઠળ લાયક પરિવારોને દર વર્ષે ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવારનો લાભ આપવામાં આવે છે. આ માટે દેશની સરકારી અને ખાનગી હોસ્પિટલોને સામેલ કરવામાં આવી છે. આ યોજના હેઠળ, દાખલ કર્યાના એક અઠવાડિયા પહેલા અને ડિસ્ચાર્જ પછીના ૧૦ દિવસ સુધીની તપાસ માટે ખર્ચ આપવામાં આવે છે. આ યોજના હેઠળ કેન્સર, કિડનીની બિમારી સહિત અનેક ગંભીર રોગોની સારવાર પણ કરવામાં આવે છે.

# આમંત્રણ ન હોય છતાં લગ્નમાં ભોજન કરવું ભારે પડી શકે..! ૨ વર્ષ સુધી જેલની સજા થઈ શકે..!

નવી દિલ્હી તા. ૨

જો તમે લગ્નમાં હાજરી આપી રહ્યા છો, તો સાવચેત રહો. કન્યા અને વરરાજાને આશીર્વાદ આપવાને બદલે, તેઓ જેલમાં જઈ શકે છે. જો તમે આમંત્રણ વિના લગ્ન સમારોહમાં જઈ રહ્યા છો, તો તમારે સાવચેત રહેવાની જરૂર છે. એક નાની ભૂલ તમને તમારા બાકીના જીવન માટે મોંઘી પડી શકે છે. એવા ઘણા લોકો છે જેઓ આમંત્રણ વિના લગ્નમાં હાજરી આપે છે. તેઓ જોરશોરથી ડાન્સ કરે છે જેથી લોકોને ખબર પડે કે તેઓ આમંત્રિત મહેમાનો છે. આ પછી ખાવું અને પીવું અને ધીમે ધીમે બહાર નીકળી જવું. પરંતુ આમ કરવાથી



તમને જેલ થઈ શકે છે. ગયા મહિને બે યુવકો ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં એક લગ્ન સમારંભમાં આમંત્રણ આપ્યા વિના પહોંચ્યા હતા. અહીં તેઓએ એક મિજબાની ફેંકી અને જોરશોરથી ડાન્સ કર્યો. પરંતુ આ દરમિયાન લોકોને તેના પર શંકા ગઈ. ત્યારપછી તે પકડાઈ ગયો અને પોલીસને સ્થળ પર બોલાવવામાં આવી. પોલીસે બંનેની ધરપકડ કરી હતી.

મફત ભોજન મેળવવા માટે બંને યુવકો જેલ પહોંચ્યા હતા. જો તમે આમંત્રણ આપ્યા વિના લગ્ન સમારોહમાં હાજરી આપો તો તે એક પ્રકારનો ગુનો છે. આ કેસમાં એડવોકેટે સોશિયલ મીડિયા દ્વારા કહ્યું કે જો તમે બિનઆમંત્રિત મહેમાન બનો તો તે એક પ્રકારનો ગુનો છે. આમાં કલમ ૪૪૨ અને ૪૫૨ હેઠળ ૨ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. તેણે કહ્યું કે આમંત્રણ આપ્યા વિના લગ્નમાં જવું એ ઉલ્લંઘનનો મામલો છે. આવી સ્થિતિમાં આ બે કલમો હેઠળ સજા થઈ શકે છે. આ વીડિયો વાયરલ થતાની સાથે જ લોકોની કમેન્ટ્સ આવવા લાગી. ઘણા લોકો કહી રહ્યા છે કે હવે લાગે છે કે હોસ્ટેલ માલિક જેલમાં જશે.

# બાંટવા નગરપાલીકા માટે નવા બનતા બિલ્ડીંગના કામમાં ભ્રષ્ટાચાર થતો હોવાની વ્યાપક ફરીયાદ





(પ્રતિનીધી દ્વારા)

માણાવદર તા.૨

માણાવદરના ધારાસભ્ય અરવીંદ લાડાણીને બાંટવા શહેરમાંથી બાંટવા પાલીકા માટે ખુદનું બિલ્ડીંગ તથા બગીચો રીનોવેશનનું કામગીરી કરવામાં આવી છે જેમાં રૂા.૯૫ લાખના ખર્ચ પાલીકા બિલ્ડીંગ બની રહયું છે. નવા બિલ્ડીંગમાં ઓફીસ તથા રાજકીય મીટીંગ મળશે તેવા ખુદના બિલ્ડીંગમાં ભ્રષ્ટાચાર થતો હોવાની ફરીયાદો મળતા કામના સ્થળે મુલાકાત લેતા પાલીકાના કામમાં ભ્રષ્ટાચાર તથા નબળા કામ થતા હોવાનું જણાયું હોવાનું અખબારી યાદીમાં જણાવે છે. હદ તો ત્યારે થઈ છે કે જે પોતાના કર્મચારી તથા અધીકારી બેસવાના છે તેમાં હલકી કક્ષાનું કામ થતું હોય તો બીજા કામ કેવા થતા હશે ? આ પાલીકા બિલ્ડીંગમાં પણ તદન હલકી કક્ષાના મટીરીયલ્સ વપરાયા હોવાનું જણાય છે તથા સરકારના નિયમોનુસાર કામ કેટલું થયું ? તે વિજીલન્સ તપાસ કરે તવી માંગ ધારાસભ્ય અરવીંદ લાડાણીએ કરી છે. તાલુકામાં માણાવદર હોય કે બાંટવા ઠેર ઠેર નબળા અને નિયમોના ચીથરે ચીથરા ઉડાડી કામ થતા હોય વીજીલન્સ ટીમને આ પંથકમાં તપાસ કરાવવા મુખ્યમંત્રીને કોની બીક લાગે છે તેવી ચર્ચા સમગ્ર પંથકમાં આમ જનતામાં ચર્ચા થઈ રહી છે. તપાસ નહી થતી હોય પ્રજાજનોમાં ગાંધીનગરના જવાબદારો સામે શંકા ઉપજી રહી છે. તથા જનમાનસમાં ભ્રષ્ટ સરકારની છાપ પડશે તેમ ચર્ચા છે.

# ભવનાથ તળેટીમાં આવેલા ભારતી આશ્રમ ખાતે શિવરાત્રી મેળા મહોત્સવનું ભવ્ય આયોજન

## ધ્વજારોહણ, પુજન, સંતવાણી, પ્રસાદ ભોજન સહિતના કાર્યક્રમો યોજાશે : સંતો-ભાવિકોને પધારવા ભાવભર્યુ નિમંત્રણ

જૂનાગઢ તા.૨

જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તીર્થક્ષેત્રમાં પ્રતિવર્ષ યોજાતા શિવરાત્રી મેળાને આડે એક માસ જેવો સમયગાળો બાકી રહયો છે ત્યારે આ મેળાને લઈને સાધુ સંતો, ધર્મસ્થાનોમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ભજન, ભોજન અને ભક્તિના ત્રીવેણી સંગમ સમા આ શિવરાત્રી મેળાનું આગવું અને અનેરૂ આકર્ષણ છે. શિવરાત્રી મેળામાં દુર દુરથી ભાવિકો આ મેળામાં ઉમટી પડતા હોય છે તેમજ આ મેળાના આકર્ષણરૂપ સંતોના દર્શન અને સેવાના કાર્યોને કારણે ભાવિકોનો મહેરામણ શિવરાત્રી મેળાની મોજ માણે છે. સંતવાણીના કાર્યક્રમો પણ થતા હોય છે. સ્થાનિક તંત્ર તેમજ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા મેળાને લઈને અનેક પગલાઓ લેવામાં આવી રહયા છે. શિવરાત્રી મેળો આ વર્ષે તા.૫-૩-૨૦૨૪થી તા.૮-૩-૨૦૨૪ દરમ્યાન યોજવામાં આવનાર છે. અને ભવનાથ ક્ષેત્રમાં આવેલા વિવિધ ધર્મસ્થાનો મેળા અંગેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

દરમ્યાન પરમ પુજય બ્રહમલીન સદ્‌ગુરૂ મહામંડલેશ્વર શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી વિશ્વંભરભારતી બાપુના આશિર્વાદ અને કૃપાથી શ્રી ભારતી આશ્રમ ભવનાથ તળેટી ખાતે શિવરાત્રી મેળા અંગેની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. તા.૫-૩-૨૦૨૪ મંગળવાર સવારે ૯ કલાકે ભારતી આશ્રમ ખાતે ધ્વજારોહણનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ ઉપરાંત તા.૫-૩-૨૦૨૪થી તા.૮-૩-૨૦૨૪ બપોરે તથા સાંજે ભોજન પ્રસાદ, તથા ૫-૩-૨૦૨૪થી તા.૮-૩-૨૦૨૪ સુધી દરરોજ રાત્રે ૯ કલાકે ભજન સંતવાણીનો કાર્યક્રમ તેમજ તા.૮-૩-૨૦૨૪ શુક્રવાર બપોર અને સાંજે ફલાહાર પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. અને શાહી સ્નાન(રવેડી) તા.૮-૩-૨૦૨૪ શુક્રવાર રાત્રે ૧૦ કલાકે યોજાશે. શિવરાત્રી મેળા દરમ્યાન આવનારા યાત્રાળુઓ, ભાવિકો અને સાધુ-સંતો-મહંતો તેમજ ભાવિક ભકતોને શિવરાત્રી મેળામાં પધારવા આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ અને મહામંડલેશ્વર મહંત શ્રી હરીહરાનંદભારતીજી મહારાજ દ્વારા ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. ભારતી આશ્રમ ખાતે શિવરાત્રી મહોત્સવની ભાવપુર્વક ઉજવણી કરવામાં આવશે. મહંતશ્રી મહાદેવબાપુના માર્ગદર્શન હેઠળ શ્રી ભારતી આશ્રમ સેવક પરિવાર દ્વારા તડામાર તૈયારી હાથ ધરવામાં આવી રહી છે.

# ખંભાળિયાના સ્વર્ગપુરી સ્મશાનમાં ઈલેક્ટ્રીક ભઠ્ઠી કાર્યરતઃ માત્ર સવા રૂપિયામાં આપી શકાશે અગ્નિદાહ



(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળીયા તા.૨

ખંભાળિયા શહેરમાં આવેલા એકમાત્ર હિન્દુ સ્મશાન સ્વર્ગપુરી સ્મશાનની ઈલેક્ટ્રીક ભઠ્ઠી કે જે ઘણા સમયથી બંધ હતી. તે સ્મશાન ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ જહેમત બાદ પૂર્વવત કરાવી અને લોકો સમક્ષ સેવા અર્થે ખુલ્લી મૂકી છે. આ સ્મશાનની ઈલેક્ટ્રીક ભઠ્ઠીમાં હવે માત્ર સવા રૂપિયામાં મૃતદેહનો અગ્નિદાહ દઈ શકાશે.ખંભાળિયામાં આવેલા સ્વર્ગપુરી સ્મશાનમાં ઘણા વર્ષો પહેલા ઈન્સ્ટોલ કરવામાં આવેલી ઈલેક્ટ્રીક ભઠ્ઠી મહદઅંશે બંધ બની રહી હતી. છેલ્લા ત્રણેક વર્ષથી સદંતર બંધ હાલતમાં રહેલી ઈલેક્ટ્રીક ભઠ્ઠી તેમજ આ અંગેનું સંચાલન કે જે અગાઉ નગરપાલિકા પાસે હતું, તે સ્મશાન ટ્રસ્ટને સોંપવામાં આવ્યું છે. ત્યારે સ્મશાન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા ઈલેક્ટ્રીક ભઠ્ઠી પુનઃ કાર્યરત કરવા બાબતે લક્ષ્ય કેળવી અને માત્ર એકાદ માસના ટૂંકા ગાળામાં ટેકનિકલ સહિતની કામગીરી સંપન્ન કરીને આ સ્મશાનની ઈલેક્ટ્રીક ભઠ્ઠી કાર્યરત બનાવી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સેવાભાવી દાતા સદગૃહસ્થ પદુભાઈ રાયચુરાની દેખરેખ તેમજ માર્ગદર્શન હેઠળ આ ભઠ્ઠી કાર્યરત કરવા કાર્યકરોને સફળતા મળી છે. આટલું જ નહીં, સ્મશાન ટ્રસ્ટમાં નવા સેવાભાવી ટ્રસ્ટીઓએ પણ જોડાઈ અને અહીંના પ્રશ્નો તેમજ વિકાસ માટેનું બીડું ઝડપ્યું છે. આ ઈલેક્ટ્રીક ભઠ્ઠી લોકો સમક્ષ અર્પણ કરતી વખતે ટ્રસ્ટીઓ, કાર્યકરો તેમજ સેવાભાવી અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને હવેથી માત્ર સવા રૂપિયામાં કોઈપણ મૃતદેહના અંતિમ સંસ્કાર કરી શકાશે તેમ જાહેર કરવામાં આવ્યું હતું. આમ, અગાઉ આ વહીવટ નગરપાલિકા પાસે હતો, તે હવે ટ્રસ્ટ પાસે આવતા લોકોને હવે દોઢ-બે હજાર રૂપિયાના લાકડાના ખર્ચ તેમજ સમયની બચત થશે. તે બાબતને ખૂબ જ આવકારદાયક ગણવામાં આવી છે.

# ખેલ મહાકુંભ-૨.૦માં માંગરોળના ૧૧ બાળકોએ કરાટે સ્પર્ધામાં ગૌરવપુર્ણ સ્થાન પ્રાપ્ત કર્યુ

(યુસુફ ચુડલી દ્વારા)

માંગરોળ તા.૨

રાજયમાં ચાલી રહેલા 'ખેલ મહાકુંભ - ૨.૦ અંતર્ગત જુનાગઢ જિલ્લામાં, જિલ્લા કક્ષા એ કરાટે સ્પર્ધા જુનાગઢ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં માંગરોળ ખાતે થી કરાટે સેલ્ફ ડિફેન્સની અલગ-અલગ કેટેગરીમાં કુલ-પંદર જેટલા બાળકો એ ભાગ લીધેલ હતો. જેમાંથી અગિયાર સ્પર્ધકોએ ૧ થી ૩ ક્રમ મેળવી જિલ્લામાં માંગરોળનું નામ રોશન કરેલ છે.



જેમાં પ્રથમ ક્રમેઃ અદીબા જૂનૈદ ભાટા, કબીરખાં આદીલખાં ખીલચી, હારિશ હારૂન ખાદીમ, ફૂરકાન મુહમ્મદ બીલ્લી, વિહાન રાજેશ જેઠવા, અને બીજા ક્રમેઃ દિયા પરેશ સોમૈયા, સમીના ઈલ્યાસ ગરીબા, વત્સલ રાજેશ મેસવાણિયા, આરવ કરણ જેઠવા, અબરાર ઈકબાલ બક્ષા જયારે ત્રીજા ક્રમેઃ અઝીમ આરિફ લાટા એમ અગિયાર કરાદે ફાઈટર્સએ ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરી જિલ્લા કક્ષાએ માંગરોળનું નામ રોશન કરેલ છે. આ વિજેતાઓ હવે રાજય કક્ષા એ જુનાગઢ જિલ્લાનું કરાટે માં પ્રતિનિધિત્ત્વ કરશે. બાળકોમાં ખૂશી અને ઉત્સાહ જોવા મળ્યો હતો. તેઓને કોચ દીલીપ દ્વારા કરાટે સેલ્ફ ડિફેન્સ- માંગરોળ ખાતે તાલીમ આપવામાં આવી હતી. વાલીગણ અને શહેરીજનો એ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.

# દ્વારકાનાં સુરજકરાડી ખાતે રેડીમેઈડ ગાર્મેન્ટનો બહેનો માટેનો ટ્રેનિંગ પ્રોગ્રામ પૂર્ણ થતાં પ્રમાણપત્ર અપાયા





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨

ભારત સરકાર દ્વારા શ્રમ અને રોજગાર મારફત ૪૦ બહેનો ને સિવણ ની ટ્રેનિંગ આપેલ,જેના પ્રમાણ પત્ર નું વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર સુરજકરાડી મુકામે વિતરણ રાખવામાં આવેલ.

જે જગ્યાએ ટ્રેનિંગ ચાલે છે ત્યાં જ ગાંધીનગર નગર થી MSME નાં હેડ રામાવત, પ્રોગ્રામ આયોજક હરીશભાઈ ખીમસુરીયા, જીલા ઉદ્યોગ કેન્દ્ર દેવભૂમિ દ્વારકા રવિ તેમજ ટાટા કેમિકલ્સ TCSRD હેડ ઉજાશ દવેનાં હસ્તે પ્રમાણ પત્ર એનાયત કરવામાં આવેલ હતા.

આ વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર TCSRD મારફત ચલાવવામાં આવે છે જેની દેખરેખ મંગુભાઈ ચાવડા દ્વારા કરવામાં આવે છે. ઉપરોક્ત પ્રમાણ પત્ર થી બહેનોને સરકાર તરફથી પણ સહાયતા મળવા પાત્ર છે જેથી બહેનો પોતાના પગ ભર થઈ શકે.

# ખંભાળિયાની દાતા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનું ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

ખંભાળિયા તાલુકાના દાતા ગામે આવેલી શ્રી દાતા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાની સ્પર્ધામાં સુંદર પ્રદર્શન કર્યું હતું. જેમાં અન્ડર-૧૪ સ્પર્ધામાં દિવ્યાબેન હરિભાઈ કારીયાએ ચક્ર ફેક સ્પર્ધામાં પ્રથમ અને ગોળા ફેંકમાં દ્વિતીય નંબર, કૃપાબા રાજવીરસિંહ જાડેજાએ ચક્ર ફેંકમાં દ્વિતીય નંબર, યશ્વીબા ભગીરથસિંહ જાડેજાએ ૪૦૦ મીટર દોડમાં દ્વિતીય નંબર અને ઉંચી કૂદમાં પ્રથમ, કિરણ નારણભાઈ ખાટરીયાએ ૬૦૦ મીટર દોડમાં દ્વિતીય, અંકિતા દુર્ગેશગીરી ગોસ્વામીએ ગોળા ફેંકમાં પ્રથમ, નેહલ ધારાભાઈ માયાણીએ ચેસમાં તૃતીય, યોગાસનની સ્પર્ધામાં પ્રથમ ત્રણેય નંબર શાળાની વિદ્યાર્થીનીના આવ્યા હતા. જેમાં પૂનમ ટીડાભાઈ સરસીયા, મનીષા રાજુભાઈ વાઘોરા, તક્ષીતા દિલીપભાઈ મહેતાના અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવ્યા હતા. પૃથ્વીરાજસિંહ નવુભા કાંચવા ૬૦૦ મીટર દોડમાં પ્રથમ, અન્ડર ૯ અને ૧૧ માં રિયા રમેશભાઈ મુરયાણી ૫૦ મીટર દોડમાં તૃતીય, વિધિકા મચ્છાભાઈ લામ્બરીયા ચેસમાં પ્રથમ, નક્ષગીરી હિતેશગીરી ગૌસ્વામી ચેસમાં તૃતીય, ધ્રુમિક નારણભાઈ સરસીયા યોગાસનમાં તૃતીય, ધવલ દેવાભાઈ લામ્બરીયા યોગાસનમાં દ્વિતીય નંબર જયારે શાળાના શિક્ષક વિરલભાઈ મોદીએ ઓપન ચેસ સ્પર્ધામાં તાલુકામાં દ્વિતીય નંબર મેળવ્યો હતો શાળાના આચાર્ય રવિકુમાર નરીયાપરા, શાળા સ્ટાફ અને દાતા ગામ દ્વારા વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી અને બિરદાવવામાં આવ્યા હતા.

# ખંભાળિયા તાલુકાના સલાયા ગામે ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતો ઘોડા ડોક્ટર ઝડપાયો





(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળીયા તા.૨

દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. પોલીસ દ્વારા કરવામાં આવેલી કામગીરી અંતર્ગત સલાયા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. રાજેન્દ્રસિંહ જાડેજા તથા કોન્સ્ટેબલ હરદીપસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના તાલુકાના વચલા બારા ગામે આવેલી ગ્રામ પંચાયત ઓફિસની સામેથી કોઈપણ પ્રકારની માન્ય, અધિકૃત મેડિકલ ડિગ્રી વગર ગેરકાયદેસર રીતે ડોક્ટર તરીકેની પ્રેક્ટિસ કરતા રામચંદ્ર દશરથ ત્રીનાથ બિશ્વાસ નામના ૫૧ વર્ષના શખ્સને દબોચી લેવામાં આવ્યો હતો.

મૂળ પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લાના રહીશ એવા રામચંદ્ર બિશ્વાસ દ્વારા ઊભા કરવામાં આવેલા દવાખાનામાં પોતે ડોક્ટર હોવાનો દેખાવ કરી અને આવા દવાખાનામાં વિવિધ પ્રકારની ટિકડીઓ, બાટલાઓ, સિરીંઝ, વિગેરે જેવા મેડિકલના તેમજ સારવારના સાધનો રાખીને ઉપરોક્ત શખ્સ દ્વારા માનવ જિંદગી તેમજ શારીરિક સલામતી જોખમાય તે પ્રકારનું કૃત્ય કરવામાં આવતું હોવાનું ખુલવા પામ્યું છે.

આ પ્રકરણમાં પોલીસે રૂપિયા ૧,૪૫,૦૬૫ ના તબીબી સાધનો, રૂ. ૨,૧૭૦ રોકડા તથા રૂપિયા ૭,૦૦૦ની કિંમતનો એક મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૧,૫૪,૨૩૫ નો મુદામાલ કબજે કર્યો છે. આ પ્રકરણમાં આરોપી રામચંદ્ર બિશ્વાસ સામે સલાયા મરીન પોલીસ મથકમાં આઈ.પી.સી. કલમ ૩૩૬ તથા ગુજરાત મેડિકલ પ્રેક્ટિસ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ સમગ્ર કાર્યવાહી એસ.ઓ.જી. વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. પ્રશાંત સિંગરખીયા, એએસઆઈ રાજભા જાડેજા, હરદેવસિંહ જાડેજા, નિર્મલભાઈ આંબલીયા, કિશોરસિંહ જાડેજા, હરદીપસિંહ, સ્વરૂપસિંહ તથા સંજયભાઈ દ્વારા કરવામાં આવી હતી.

# ગીર-સોમનાથ જીલ્લા કલેકટર પદે આજે દિગ્વીજયસિંહ જાડેજાએ ચાર્જ સંભાળ્યો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨

મોરબી ડીડીઓ ડી.ડી. જાડેજાની ગીર-સોમનાથ જીલ્લાના જીલ્લા કલેકટર તરીકે નિયુકિત થતાં તેઓ આજે વિધીવત રીતે તેમના નવા પદનો ચાર્જ સંભાળ્યો હતો. તેઓ અત્રેના વિશ્વ પ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવના દર્શન-પૂજન અને ઈણાજ જીલ્લા કલેકટરની કચેરી ખાતે ચાર્જ સંભાળી જીલ્લાની વિગત તથા પરિચય કેળવ્યો હતો.

## મોરબીમાં ગેસ ગીઝર ફાટતા થયો બ્લાસ્ટ, ૩ લોકોને ઈજા

મોરબી, તા.૨

બ્લાસ્ટ થતા આસપાસના કુલ ૩ મકાનોમાં નુકસાન થયાની માહિતી મળી છે. રહેણાંક મકાનમાં બ્લાસ્ટ થતાં ૩ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકોને ઘટનાની જાણ થતાં ઈજાગ્રસ્તોને પ્રથમ મોરબી અને ત્યાર બાદ વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા.

# ઉના શહેરમાં પ્રધાનમંત્રી વીમા યોજના હેઠળ એસ.બી.આઈ કર્મી દ્વારા ૨ લાખનો ચેક અપાયો



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૨

ઉના શહેરના રહેવાસી અને એસ.બી.આઈ ના વિમાધારક સ્વ. કિરીટભાઈ કનૈયાલાલ જોશી નું તા.૨૭/૧૧/૨૩ ના રોજ અવસાન થયેલું. સ્વ. કિરીટભાઈ એ ઉના SBI ટાવર ચોક બ્રાન્ચ માં ખાતું હતું અને તેમણે પ્રધાનમંત્રી નો (PMJJBY) યોજના નો વિમો ઉતારાવેલ હતો. તાજેતરમાં જ તેમના વારસદાર લાભાર્થી ને ૨ (બે)લાખ રૂપિયાનો ચેક બેંકના બ્રાન્ચ મેનેજર બીજેન્દ્રકુમાર અને CSP હિતેષભાઈ મહેતા દ્વારા અર્પણ કરવામાં આવેલ હતો અને લોકો ને વીમા પ્રત્યે જાગૃત રહેવા અને જાણકારી મેળવી લેવા જાહેર હિત માટે જણાવામાં આવેલ હતું.

# માણાવદર તાલુકાના ૫૫ ગામો વચ્ચે લાંબા રૂટમાં એકપણ સ્લીપર બસ નહી ફાળવતાં રોષ

(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૨

માણાવદર તાલુકાના ૫૫ ગામો અને લાખોની વસ્તી માટે એસટી બસ સુવિધા અપુરતી હોવાની વ્યાપ ફરીયાદો પ્રજાજનોમાં ઉઠી છે. વર્ષોથી બાંટવા ડેપોમાંથી ઉપડતી ખખડધજ લાસ્ટ ભંગારમાં જવાની અણી ઉપર હોય તેવી બસો ચાલતી હોવાની પ્રજાજનોની ફરીયાદો છે. વારંવાર સરકાર નવી બસો ફાળવવાની જાહેરાત કરે છે છતા પણ જરૂરીયાત મુજબ સારી બસો લાંબા રૂમાં જાણી જોઈને ફાળવાતી નહી હોવાની બસોની સ્થિતિ દર્શાવી રહી છે. જાણવા મળેલ વિગતોઅનુસાર ૪ બસો નવી ફાળવાય છે તેવી લાંબા રૂટમાં કયારે ચાલશે તે તપાસનો વિષય છે. સારી બસો અપુરતી ચાલે છે. ૫૫ ગામોની જનતાને રાજકોટ, અમદાવાદ, સુરત જેવા શહેરો સાથે વ્યવસાયીક, નોકરી, આરોગ્યલક્ષી કામો માટે ગ્રામ્ય શહેરીજનો જોડાયેલા છે. જેમાં ખાનગી બસો પથી વધુ સ્લીપર બસો ભરચક જાય છે ત્યારે ફુલ ટ્રાફીકવાળા તાલુકાની જનતા માટે સ્લીપર બસો ફાળવાતી નથી. શું ખાનગી બસોને ફાયદો કરવા થાય છે ? જો સ્લીપર બસો ચાલુ કરાય તો એસટીને ચોકકસ ફાયદો થાય તેમ છે. સ્લીપર બસો ઠેર ઠેર ચાલુ કરી છે પરંતુ માણાવદર તાલુકાને જાણી જોઈ ફાળવાતી નથી તેવી ચર્ચાઓ થઈ રહી છે.

## :: નામ બદલાવેલ છે ::

આથી હું નીચે સહી કરનાર જણાવુ છુ કે મારૂ જુનુ નામ સોયબભાઈ હનીફભાઈ કુરેશી હતુ જે બદલીને હવેથી મે મારૂ નવુ નામ સોયબભાઈ હનીફભાઈ બાલાણી રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**સોયબભાઈ હનીફભાઈ બાલાણી**
**ગોધાવાવની પાટી, મદીના મસ્જીદ પાસે,**
**જૂનાગઢ-૩૬૨૦૦૧**

# જૂનાગઢ શહેરને રેલ્વે ફાટક લેસ કરવાની વાતો માત્ર દિવાસ્વપ્નો સમી !

## ફાટક લેસનાં બહાને વધુ ૧૧ ગરનાળા ઉભા કરી દેવાની પેરવી સામે ભારે વિરોધ સાથે સંબંધિત તંત્રને ૧૦૧ પ્રશ્નો સાથેની યાદી બનાવી જૂનાગઢ હિત રક્ષક સમિતી દ્વારા પાઠવવામાં આવ્યો પત્ર

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ શહેરની જનતા અનેક સમસ્યાઓથી ત્રસ્ત છે અને આવા સંજોગોમાં તંત્રની અણઆવડત અને બે જવાબદારભરી કામગીરીના કારણે લોકોના પ્રશ્નો ઉકેલાતા નથી પરંતુ દિવસે દિવસે તેમાં ઉમેરો થઈ રહ્યો છે. આવા સંજોગોમાં જૂનાગઢ શહેરને ફાટક લેસ કરવાના બહાના હેઠળ ૧૧ વધુ ગરનાળાની ભેટ મળે તેવી હિલચાલ કરવામાં આવી રહી હોવાનો જૂનાગઢ હિત રક્ષક સમિતીએ વિરોધ દર્શાવેલ છે. એટલું જ નહી મનપા પાસે જમીન કે સરકારની મંજુરીના કોઈ ઠેકાણા નથી ત્યારે ફાટક લેસના દિવાસ્વપ્નો દર્શાવવામાં આવી રહ્યા છે. જૂનાગઢ મહાનગરપાલિકા તેમજ વહિવટી તંત્રને જૂનાગઢ હિત રક્ષ સમિતીના કિરીટભાઈ સંઘવીએ ૩૩ પાનાનો પત્ર પાઠવ્યો છે અને ૧૦૧ જેટલા સવાલો પુછવામાં આવ્યા છે અને તે અંગે જવાબો આપવાની તેમજ યોગ્ય નિરાકરણ કરવાની આ પત્રમાં માંગણી કરવામાં આવી રહી છે. આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત અનુસાર, સમસ્યાઓનું શહેર તરીકે જાણીતા જૂનાગઢમાં એક પછી એક સમસ્યાઓનો ઉમેરો થતો જાય છે. શહેરીજનો રેલ્વેના હાલના ગરનાળાથી ત્રસ્ત હતા ત્યાં વળી શહેરને ફાટકલેસ કરવાના બહાને વધુ ૧૧ ગરનાળા ઉભા કરી દેવાની થઈ રહેલી પેરવી સામે જૂનાગઢ હિત રક્ષક સમિતીએ વાંધો રજુ કર્યો છે, સાથે સવાલોની જડી ફટકારી છે. આ અંગે જૂનાગઢ મહાનગરપાલિકા અને વહિવટી તંત્રને ૩૩ પાનાનો પત્ર પાઠવી જૂનાગઢ હિત રક્ષક સમિતીના કિરીટભાઈ સંઘવીએ જણાવ્યું છે કે, શહેરની વર્ષો જુની અને માથાના દુ:ખાવા સમાન સમસ્યા છે. શહેરમાંથી પસાર થતા ૭થી વધુ રેલ્વે ફાટકો. આ રેલ્વે ફાટકોને દુર કરવાનું શહેરીજનોને દિવાસ્વાપ્ર બતાવાઈ રહ્યું છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, આમાં બકરૂ કાઢતા ઉંટ પેઠું જેવો તાલ સર્જાઈ શકે છે. હાલના ગરનાળાનો ત્રાસ ઓછો છે કે ફાટક લેસના બહાને વધુ ૧૧ ગરનાળા ઉભા કરી દેવામાં આવે ? ખાસ તો મનપાએ અન્ડરબ્રિજ કે ઓવરબ્રિજ માટે પોતાની જમીન ફાળવવા માટે કોઈ ઠરાવ કર્યો હોવાનું પણ જાણવા મળ્યું નથી. કારણ કે, આરટીઆઈમાં માત્ર રેલ્વેના જોઈન્ટ મિટીંગની પ્રોસીડિંગની જ નકલ અપાઈ છે. માટે જો મનપાએ આવો કોઈ ઠરાવ કે વહિવટી રીતે આ પ્રોજેકટમાં રાજય સરકારની પણ મંજુરી જરૂરી હોય છે. જયારે આરટીઆઈમાં આપેલી માહિતી મુજબ કલેકટરે કે રાજય સરકારે આ બાબતે કોઈ એનઓસી આપી હોવાનું જણાતું નથી. માટે શહેરને રેલ્વે ફાટકલેસ કરવાની વાતો માત્ર દિવાસ્વપ્નો જ બતાવી રહ્યા હોવાનું જણાઈ રહ્યું છે. આવા તો કુલ ૧૦૧ પ્રશ્નો છે જેની યાદી બનાવી મહાનગરપાલિકા અને વહિવટી તંત્રને મોકલી તેનો જવાબ મંગાયો છે. રેલ્વે ગરનાળા સૌથી મોટી સમસ્યા છે. ત્યારે આમાં બે વાત આવે છે. એક ગરનાળા બનાવવા અને બીજું પિલર ઉપર ટ્રેન કે ગરનાળા બનશે કે નહી ? જો પિલર ઉપર ટ્રેન દોડાવવાના હોય તો તેના નકશા જાહેર કરવા જોઈએ. આ ઉપરાંત ગિરનાર પર્વતના વિકાસ માટેની ૧૦૦ કરોડથી વધુની ગ્રાન્ટ કયા વપરાશે, સાયલન્ટ ઝોન જાહેર કરવા આખરી જાહેરનામું કયારે બહાર પડશે, આ ઉપરાંત અશાંત ધારો બહાર પાડવા નોટિફિકેશન કયારે બહાર પડશે, બાંધકામ ગેરકાયદેસર હોય તો જ ૨૬૦(૨)ની નોટિસ આપી હોય જેનો મતલબ બાંધકામ તોડી પાડવાના હોય છતાં શા માટે તોડી પડાતા નથી, વોકળા દબાણના કારણે શહેરમાં જળતાંડવ થયું હતું ત્યારે સીએમની સુચના બાદ ૧૦૭ને નોટિસ મોકલી છે તેના દબાણો કેમ તોડી પડાતા નથી, વોકળાનો પટ ઉંડો કરવાની કામગીરી ખાનગી એજન્સીને શા માટે અપાઈ, મનપા કેમ કરી ન શકે, કાળવાના વોકળાના મકાનો દુર કરાયા તો કાંઠે ઉભલા બિલ્ડીંગો કેમ તોડાતા નથી, વોકળાનો રેકર્ડ હોય તો રેકર્ડમાં જણાવ્યા મુજબ હાલમાં લંબાઈ, પહોળાઈ છે કે નહી, વોકળાથી ચોક્કસ અંતર સુધી બાંધકામ થઈ શકે નહી તેમ છતાં મંજુરી આપી હોય તો તેની સામે પગલા લેવાશે, નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફિકેશનમાં શું કરવાના છે અને કયારે કામ પુર્ણ થશે તેની જાણ જનતાને કયારે કરાશે, કોર્પોરેટરને અપાયેલ ભથ્થા, પગાર વગેરેનું સ્ટેટમેન્ટ જાહેર કરવું જોઈએ અને પગાર ભથ્થા ન લેતા લોકોના નામ પણ જાહેર કરવા જોઈએ, જયાં ભુગર્ભ ગટરનું કામ કરવાનું હોય ત્યાં ૧૦ દિવસ પહેલા જાણ કરવી જોઈએ, સીટી બસ સેવા કયારે શરૂ કરાશે સહિતના ૩૩ પેઈજમાં ૧૦૧ સવાલો કરવામાં આવ્યા છે અને જાહેર જનતા સમક્ષ જણાવવા પત્રમાં જણાવેલ છે.

# મેંદરડા તાલુકાનાં રાજેસર ગામે સોની વેપારી બંધુને બંધક બનાવી રૂા. ૮૧.૭૦ લાખની લુંટ

## જૂનાગઢના દિપક જોગીયા સહિત ૩ સામે ફરિયાદ : લુંટારૂઓને ઝડપી લેવા પોલીસની જુદી જુદી ટીમ દ્વારા તપાસનો ધમધમાટ

જૂનાગઢ તા. ૨

જૂનાગઢ જીલ્લાનાં મેંદરડા તાલુકાનાં રાજેસર ગામે સોની વેપારી બંધુને બંધક બનાવી રૂા. ૮૧.૭૦ લાખની માલમતાની લૂંટ ચલાવીને જૂનાગઢના દિપક જોગીયા સહિત ૩ શખ્સો નાસી જતા પોલીસે આ ઈસમોને ઝડપી લેવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મેંદરડા તાલુકાના રાજેશર ગામે રહેતા અને સોના ચાંદીના દાગીના બનાવવાની દુકાન અને સાથે મકાન ધરાવતા જીતેન્દ્ર વ્રજલાલ લોઢીયા (ઉ.વ. ૫૨) અને તેના ભાઈ તુલસીદાસ લોઢીયા ગત રાત્રે ૯ વાગ્યાની આસપાસ તેમના ઘરે હતા ત્યારે તેમની સાથે લેતી દેતી કરતો જુનાગઢનો દિપક અશોક જોગીયા નામનો ઈસમ આવ્યો હતો.

આથી દિપક માટે એક ભાઈ ચા બનાવવા ગયા ત્યારે આ તકનો લાભ લઈને દિપક એ અન્ય બે ઈસમોને બોલાવીને સોનીબંધુ વેપારી ને બાંધી મોએ ડુચો લગાવીને રૂા. ૧૪.૭૦ લાખની કિંમતની ૨૧ કિલો ચાંદી, રૂપિયા ૫૮ લાખની કિંમતના સોનાના આઠ બિસ્કીટ અને રૂપિયા નવ લાખની રોકડ રકમ સહિત કુલ રૂા. ૮૧.૭૦ લાખની માલમાતાની લૂંટ ચલાવી અને મકાનને બહારથી તાળું લગાવીને નાસી ગયા હતા.

આ અંગેની જાણ થતા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા સહિતના પોલીસ અધિકારીઓ વગેરે રાજેશર ગામે દોડી ગયા હતા. અને લૂંટારૂઓને ઝડપી લેવા માટે પોલીસની જુદી જુદી ટીમને કામે લગાવવામાં આવી હતી.

એસપી હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે, લૂંટનો ભોગ બનેલા સોની વેપારી બંધુ એકલા જ રહે છે. અને લૂંટ ચલાવનાર દીપક જોગીયા તેમનો પરિચિત શખ્સ હોવાનું ખુલ્યું છે. આ ઈસમ ચાંદી સોનુ અને રોકડ રકમ સોની વેપારી બંધુ ક્યાં કેવી રીતે રાખે છે તેની તમામ માહિતી દિપક જોગીયા પાસે હતી આથી તેણે અન્ય બે ઈસમ સાથે લૂંટ ચલાવી હોવાનું ખૂલ્યું છે. આ ઈસમોને ઝડપી લેવા માટે ક્રાઈમ બ્રાન્ચ તેમજ મેંદરડાના પીએસઆઈ વાય. પી. હડિયા સહિતનો પોલીસ કાફલો તપાસ કરી રહ્યો છે. એસપી હર્ષદ મહેતાએ લૂંટારૂઓ નજીકના સમયમાં ઝડપાઈ જશે તેમ જણાવ્યું હતું.

# જૂનાગઢ સહિત સોરઠમાં આવતીકાલથી ઠંડીનું જોર વધશે, ૧૪ ફેબ્રુઆરી સુધી કાતીલ ઠંડીની આગાહી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ સહિત સોરઠ અને સૌરાષ્ટ્રભરમાં તેમજ ગુજરાતમાં ડિસેમ્બર માસથી જ કાતીલ ઠંડીનો દોર સતત શરૂ થયો હતો અને જેને લઈને જનજીવન પ્રભાવિત બન્યું હતું. જૂનાગઢ શહેરમાં પણ ઠંડીની વધ ઘટ સામે સોરઠ પંથકમાં કાતીલ ઠંડીની લહેર વ્યાપી ગઈ હતી અને ગિરનાર પર્વત પર તો પાંચ ડીગ્રી તાપમાન સાથે ઠંડી કાળો બોકાસો બોલાવી રહી હતી. અને જાન્યુઆરી માસ પુર્ણ થયો છે અને ફેબ્રુઆરી માસની શરૂ થઈ ગઈ છે ત્યારે આવતીકાલથી ઠંડીનો જોર વધે તેવી શકયતા હવામાન વિભાગ દ્વારા દર્શાવવામાં આવી રહી છે.

છેલ્લા બે કે ત્રણ દિવસથી સવારે અને સાંજના સમયે વાદળછાયાં વાતાવરણ અને બપોરના સમયે તડકો પડતા હાલ મીશ્ર ઋતુનો અનૂભવતાં જૂનાગઢવાસીઓ અકળાયાં છે. ત્યારે આવતીકાલ તા.૩થી તાપમાનનો પારો ગગડતાં ફરીથી ઠંડીનું જોર વધશે જે આગામી તા.૧૪ ફેબ્રુઆરી સુધી યથાવત રહેતાં શિયાળાની અનૂભુતી કરાવશે. જૂનાગઢ કૃષિ હવામાન વિભાગના ધીમંત વઘાસીયાના જણાવ્યા અનુસાર હાલ પશ્ચિમી વિક્ષોભ(વેસ્ટર્ન ડીસ્બન્સ)ના કારણે વાદળછાયું વાતાવરણ રહેવા પામ્યું છે. ઉપરના ભાગોમાં હિમવર્ષા પડતાં ભેજવાળા પવનો હાલ ફુંકાતાં વહેલી સવારથી બપોર સુધી અને સાંજનાં સમયે ફરીથી વાદળછાયું વાતાવરણ હાલ જોવા મળી રહ્યું છે. ભેજાવાળા ઠંડા પવન ફુકાતાં વહેલી સવારે અને રાત્રી દરમ્યાન ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે.

જયારે બપોરના સમયે સુર્યનારાયણના દર્શન થતાં તડકો પડતાં ગરમીની અનૂભુતી થવાના લીધે જૂનાગઢવાસીઓ હાલ મિશ્ર ઋતુનો અનૂભવ કરી રહ્યા છે. બીજી તરફ હાલ થોડા દિવસોથી ઠંડીએ વિરામ લીધો છે. ત્યારે આવતીકાલ તા.૩થી ફરીથી ઠંડીનો રાઉન્ડ શરૂ થવા જઈ રહ્યો છે. ઉપરના ભાંગમાં વેસ્ટર્ન ડિસ્બન્સ સર્જાતાં તાપમાનો પારો ગગડશે જેથી ઠંડી જોર પકડશે અને તાપમાન ૧૫ ડિગ્રીથી નીચું રહેવા પામી શકે તેમ છે. જેથી ફરીથી શિયાળો શરૂ થતાં તા.૧૪ ફેબ્રુઆરી સુધી તાપમાન નીચું રહેવા પામશે. જૂનાગઢ શહેરના રાજમાર્ગો ઉપર લોકો ગુલાબી ઠંડીનો આનંદ લુંટતાં જોવા મળશે.

# ભારતીય જનતા પાર્ટી લોકસભાના કલસ્ટર પ્રભારી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ઉપસ્થીતીમાં જૂનાગઢ ખાતે બેઠક યોજાઇ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે આગામી લોકસભા ચુંટણી ૨૦૨૪ની તૈયારીના ભાગ રૂપે લેકસભાના કલસ્ટર પ્રભારી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ઉપસ્થિતીમાં બેઠક યોજાઈ હતી. જેમાં આગામી લોકસભા ચૂંટણીમાં જનતા જનાર્દનનો સાથ મેળવી ભવ્ય વિજય સંકલ્પને સાકાર કરવા સૌએ આહવાન કર્યું હતું. બેઠકની શરૂઆતમાં લોકસભાના કલસ્ટર પ્રભારી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદેશમંત્રી રઘુભાઈ હુંબલ, લોકસભા બેઠક સંયોજક ચંદ્રેશભાઈ હેરમા તેમજ જૂનાગઢ શહેર પ્રભારી નીમુબેન બાંભણીયા, જૂનાગઢ શહેર પ્રમુખ પુનિતભાઈ શર્મા, જિલ્લા પ્રમુખ કિરીટભાઈ પટેલ, ગીરસોમનાથ જીલ્લા પ્રમુખ મહેંદ્રભાઈ દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જિલ્લા પ્રમુખ કિરીટભાઈ પટેલે શબ્દો દ્વારા સૌનું સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ ગીરસોમનાથ જીલ્લા પ્રમુખ મહેંદ્રભાઈ, લોકસભા બેઠક સંયોજક ચંદ્રેશભાઈ હેરમા, પ્રદેશમંત્રી રઘુભાઈ હુંબલ તથા લોકસભાના કલસ્ટર પ્રભારી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. લોકસભા બેઠક સંયોજક ચંદ્રેશભાઈ હેરમાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, આગામી ૧૦ તારીખે આપણા વિશ્વ સન્માનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ૯૧૦૦૦ આવાસોનું લોકાર્પણ કરવાના છે ત્યારે ગુજરાતની ૧૮૨ વિધાનસભામાં આ કાર્યક્રમ થવાનો છે. ત્યારે આપણા સંસદીય વિસ્તારની સાત વિધાનસભામાં પણ પાંચ હજારથી વધુ લોકોની ઉપસ્થીતીમાં આ કાર્યક્રમ યોજાય તેવી વિનંતી કરી હતી. પ્રદેશમંત્રી અને ગીર સોમનાથના પ્રભારી રઘુભાઈ હુંબલે પણ કાર્યકરોને માર્ગદર્શન આપ્યું હતું. જનસંઘથી ભાજપાની યાત્રાના શરૂઆતથી જ જોડાયેલા ભુપેન્દ્રસિંહ ચુડાસમા ધોળકા વિધાનસભાના સાત વાર ધારાસભ્ય તરીકે ચુંટાઈ આવેલા છે અને સરકારમાં લાંબા સમય સુધી કેબિનેટ મંત્રી તરીકે સેવા આપેલ છે. પ્રદેશ સંગઠનમાં પણ અનેક જવાબદારી સંભાળેલ છે અને કાર્યકરોના સન્માનીય એવા ભુપેન્દ્રસિંહ ચુડાસમા ગુજરાતના સંતો-મહંતોમાં પણ સારી ચાહના ધરાવે છે. આ બેઠકમાં તેમણે કાર્યકરોને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, દરેક કાર્યકરોએ લોકોની વચ્ચે રહેવા છેવાડાના માનવીઓનો સંપર્ક જાળવવા અને લોકો સુધી સરકારની દરેક યોજનાઓ પહોંચી શકે તેવા પ્રયત્નો કરવા પડશે. અમારા સમયમાં તો અમે અભાવમાં કામ કરેલ છે જ્યારે આજે દરેક કાર્યકરે થોડી મહેનતથી પ્રભાવમાં કામ કરવાનું છે ઢાળ છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના વિચારને આગળ વધારીને આપણા વિશ્વ સન્માનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈના હાથ મજબુત કરી ભારતને પરમ વૈભવના શીખરે પહોંચાડવા માટે તેઓએ કાર્યકર્તાઓને કામ કરવા અનુરોધ કરેલ સાથે ચુંટાયેલા લોકોને ખાસ કહેલ કે આપણે જ્યારે ચુંટાઈને આવ્યા છીએ ત્યારે આપણી વિશેષ જવાબદારી બને છે કે મતદારના ફોનના ઉપડે કે મતદારને ના મળવાનું થાય તેવું આપણા તરફથી ક્યારેય ના થવું જોઈએ તેવું સુચન કરેલ સાથે સાથે જનપ્રતીનીધીઓને કહેલ કે તમે લોકો જ્યારે ચુંટણી લડતા હતા ત્યારે કાર્યકરોએ જેમ કામ કર્યુ છે તેમ હવે તમારે પણ આવનાર લોકસભામાં બમણા જોરથી કામ કરો તેવી પાર્ટીની અપેક્ષા છે. આ બેઠકમાં લોકસભાના કલસ્ટર પ્રભારી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાથે પ્રદેશમંત્રી રઘુભાઈ હુંબલ, લોકસભા બેઠક સંયોજક ચંદ્રેશભાઈ હેરમા તેમજ જૂનાગઢ શહેર પ્રમુખ પુનિતભાઈ શર્મા, જિલ્લા પ્રમુખ કિરીટભાઈ પટેલ, મહાનગર પ્રભારી, ગીરસોમનાથ જીલ્લા પ્રમુખ મહેન્દ્રભાઈ, મહાનગર મહામંત્રી ભરતભાઈ શીંગાળા, મનનભાઈ અભાણી, વિનોદભાઈ ચાંદેગ્રા જૂનાગઢ તથા ગીર સોમનાથ જીલ્લા મહામંત્રીઓ, સંગઠનના હોદ્દેદારો, સહકારી આગેવાનો, જિલ્લા અને મંડલોના વિવિધ મોરચાના હોદ્દેદારો, ચુંટાયેલા પ્રતિનિધિઓ તેમજ અપેક્ષીત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ બીજી બેઠકમાં મેયર ગીતાબેન પરમાર, સ્ટેડીંગ ચેરમેન હરેશભાઈ પરસાણા, શાશક પક્ષના નેતા કીરીટભાઈ ભીંભા, દંડક અરવીંદભાઈ ભલાણી સહીત જિલ્લાના પદાધીકારીઓ ઉપસ્થીત રહ્યા હતા. બેઠકમાં આભારવિધિ શહેર ભાજપ પ્રમુખ પુનીતભાઈ શર્માએ કરી હતી તેમ ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર મિડિયા વિભાગનાં સંજય પંડ્યાની યાદી જણાવે છે.

# જૂનાગઢમાં બંધ મકાનનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી રૂા.૧૦ હજારનું નુકશાન કર્યુ

જૂનાગઢ તા.૨

જૂનાગઢમાં વર્ષો જુના ભાડાના કબ્જા ભોગવટાના મકાનનું તાળુ તોડી રૂા.૧૦ હજારનું નુકશાન કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાઈ છે.

આ અંગેની એ ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર પરાગભાઈ યોગેશભાઈ ઠાકરે આ બનાવ અંગે દિંગતભાઈ જયકુમાર શુકલ તથા તપનભાઈ નીખીલભાઈ શુકલ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આરોપીઓએ ફરીયાદીના વર્ષો જુના ભાડાના કબ્જા ભોગવટાના મકાનમાં ફરીયાદીને જાણ કર્યા વગર ગેરકાયદે પ્રવેશ કરી સર સામાન ટીવી સ્ટેન્ડ, સેટ સહિતની ચીજવસ્તુઓની તોડફોડ કરી રૂા.૧૦ હજારનું નુકશાન કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ એસઓજીનો ચાર્જ માંગરોળ મહિલા પીએસઆઈને સોંપાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ એસઓજીનો ચાર્જ માંગરોળના પીએસઆઈને સોંપવામાં આવ્યો છે. જૂનાગઢ સાયબર ક્રાઈમ સેલ કમ એસઓજીના પીઆઈ એ.એમ. ગોહિલ, એએસઆઈ દીપક જગજીવનભાઈ જાની અને માણાવદરના સીપીઆઈ તરલ ભટ્ટ વગેરેએ ૩૩૫ જેટલા બેંક ખાતા ફ્રીઝ કરી અને ૨૦-૨૦ લાખ લઈ બેંક એકાઉન્ટ અનફ્રીઝ કર્યા હોવાનું જણાવી કેરાલાના કુંજતુરના કાર્તિક જગદિશ ભંડારી પાસેથી બળજબરીથી રૂપિયા ૨૫ લાખ પડાવવા કારસો રચી પરેશાન કરવામાં આવ્યા હોવાની રજુઆતના પગલે આ ત્રણેય પોલીસ અધિકારીઓ સામે પોલીસ ફરીયાદ કરી ગુનો નોંધવામાં આવ્યો છે. જેની તપાસ એટીએસ દ્વારા કરવામાં આવી રહી છે. હાલ ત્રણેય સસ્પેન્ડ છે. આ તોડકાંડ બહાર આવ્યા બાદ એસઓજી પીઆઈ ગોહિલ સસ્પેન્ડ થતા એસઓજીની કમાન માંગરોળ ખાતે છેલ્લા દોઢ વર્ષથી ફરજ બજાવતા મહીલા પીએસઆઈ શીતલ એ. સોલંકીને સોંપવામાં આવી છે. જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ જણાવ્યું હતુ કે, જૂનાગઢ એસઓજીના પીએસઆઈ શીતલ એ. સોલંકીનું પોસ્ટિંગ કરવામાં આવ્યુ છે. આમ પ્રથમ વખત એક મહિલા ફોજદારને મહત્વનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

# જૂનાગઢ : યુનિયન બેંકનાં રીજીયોનલ અધિકારીનો ગળાફાંસો ખાઈ આપઘાત

જૂનાગઢ તા. ૨

જૂનાગઢ શહેરમાં બનેલા એક બનાવમાં યુનિયન બેંકનાં રીજીયોનલ અધિકારીએ ઝાંઝરડા રોડ ઉપર આવેલ રેલીંગ ઉપર દોરડું બાંધી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કર્યાનો બનાવ બનવા પામેલ છે. પ્રાથમિક વિગત અનુસાર યુનિયન બેંકનાં રીજીયોનલ અધિકારી શિયારામપ્રસાદ (ઉ.વ. ૫૦)એ ઝાંઝરડા રોડ ઉપર આવેલ રેલીંગ પર દોરડું બાંધી ગળાફાંસો ખાઈ આત્મઘાતી પગલું ભર્યુ હતું. આ અંગેની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી તપાસની કામગીરી હાથ ધરી છે. એક સ્યુસાઈડ નોટ પણ મળી આવેલ છે. પ્રાથિમક અનુમાન મુજબ કામના ભારણને કારણે આત્મઘાતી પગલું ભર્યુ હોવાનું મનાય છે. જો કે આ બનાવ અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.





**ૐ નેચર ક્યોર સેન્ટર**

**ડો. સી.ડી. ઓઝા**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨